RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 51* Date: 10.12.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યપાલને રાજીનામું આપ્યું

**૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં બપોરે ૨ વાગ્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમિત શાહ સહિતના રાષ્ટ્રીય નેતૃત્વની હાજરીમાં શપથવિધિ થશે**



ગાંધીનગર,તા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના પદ પરથી આજે રાજીનામુ આપ્યુ. ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થતા જૂની સરકારના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું હવે ફરી ભુપેન્દ્રભાઇ પટેલ શપથ ગ્રહણ કરીને મુખ્યમંત્રી પદ સંભાળશે.ભુપેન્દ્રભાઇ પટેલની સાથે તેમની કેબિનેટે પણ રાજીનામુ આપ્યુ છે. ગુજરાત વિધાનસભામાં જીત મેળવ્યા ભાદ ભૂપેન્દ્ર પટેલ ૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં બપોરે ૨ વાગ્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમિત શાહ સહિતના રાષ્ટ્રીય નેતૃત્વની હાજરીમાં શપથ લેશે.

આવતીકાલે શનિવારે બપોરે ૨ વાગ્યે ધારાસભ્ય દળની બેઠક મળશે. જેમાં ધારાસભ્ય દળ નેતાની પસંદગી કરશે. જેના માટે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે રાજ્યપાલ પાસે બપોરે ૨ વાગ્યે મળવાનો સમય માંગ્યો છે. કમલમ ખાતે ધારાસભ્ય દળની બેઠકમાં નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરાશે. હવે નવી સરકારની રચનાની કવાયતની તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીના ચોંકાવનારાં પરિણામો આવ્યાં છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના ૨૦ મંત્રીમાંથી ૧૯ મંત્રી જીતી ગયા છે. મોટા ભાગનું મંત્રીમંડળ જીતી ગયું હોય એવું કદાચ પહેલીવાર બન્યું હશે. દેશભરમાં હિન્દુત્વની પ્રયોગશાળા અને ભાજપના એક મોડલ સ્ટેટ તરીકે ગુજરાતની ગણના થઈ રહી છે. ૧૪ માર્ચ ૧૯૯૫ના રોજ ગુજરાતમાં પહેલીવાર કેસરિયો લહેરાયો હતો અને ભાજપે સત્તા સંભાળી હતી. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી ધ્વંસ બાદ ગુજરાતમાં હિન્દુત્વનું વાવાઝોડું ફરી વળ્યું અને ૧૯૯૫માં ૧૨૧ બેઠકની જંગી બહુમતી સાથે ભાજપે સત્તા હાંસલ કરી. ત્યારબાદ ૨૦૦૨માં ગોધરાકાંડ થયો અને ભાજપે ૧૨૭ સીટ સાથે ઐતિહાસિક જીત મેળવી. પરંતુ હવે વિકાસ હિન્દુત્વના કમાલના કોમ્બિનેશન સાથે કમળ ખીલ્યું છે. આ ભાજપના ચૂંટણી સૂત્ર 'આ ગુજરાત મેં બનાવ્યું છે'ની જેમ ગુજરાતીઓએ મતનો નાયગ્રા ધોધ વહાવી કહ્યું કે, 'આ કમલ મેં ખીલવ્યું' છે. ભાજપે ગુજરાતના ૬૦ વર્ષના ઈતિહાસના તમામ રેકોર્ડ બ્રેક કરી ૧૫૬ સીટ જીતી જ નહીં, પણ કેસરિયો મહાસાગર ઘુઘવી દીધો હતો. આમ આદમી પાર્ટીને ૫ સીટ તેમજ અન્યને ફાળે ૪ સીટ(૩ અપક્ષ અને ૧ સમાજવાદી પાર્ટી) આવી હતી. ભાજપને ૫૨.૫ ટકા, કોંગ્રેસ ૨૭.૩ ટકા અને આમ આદમી પાર્ટીનો ૧૨.૯ ટકા વોટશેર રહ્યો હતો. ઓગસ્ટ-૨૦૨૧માં ગુજરાતમાં વિજય રૂપાણીના રાજીનામા બાદ ભારતીય જનતા પાર્ટીમાં જોરદાર હલચલ જોવા મળી હતી. રાજ્યમાં નવા મુખ્યમંત્રીને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ હતી. કમલમમાં બેઠકોનો દૌર ચાલી રહ્યો હતો અને કયું નામ સામે આવે છે તેની રાહ જોવામાં આવી રહી હતી ત્યારે કેન્દ્રથી બે નેતા નરેન્દ્ર સિંહ તોમર અને તરુણ ચુગ નિરીક્ષક તરીકે ગુજરાતમાં આવ્યા હતા. કમલમમાં તમામ ધારાસભ્યોને બોલાવી લેવામાં આવ્યા. વિજય રૂપાણી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ પણ ઉપસ્થિત હતા અને નવા મુખ્યમંત્રી તરીકે કોણ આવશે એના પર સૌની મીટ મંડાયેલી હતી. કમલમમાં જે ઓડિટોરિયમમાં મીટિંગ હતી ત્યાં છેક પાછળ ભૂપેન્દ્ર પટેલ બેઠા હતા. તેમને સહેજ પણ ખ્યાલ નહોતો અને મુખ્યમંત્રી તરીકે તેમના નામની ઘોષણા કરવામાં આવશે. સવારે તેઓ બોપલમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગયા હતા અને સાંજે મુખ્યમંત્રી બની ગયા. પછી તો વિજય રૂપાણીના તમામ મંત્રીઓને ઘરે બેસાડી દેવામાં આવ્યા અને ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નવા ધારાસભ્યોને સ્થાન મળ્યું. ગુજરાત વિધાનસભાનો ૫ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા ૧૮૨ બેઠકો પર ૧ અને ૮ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં ચૂંટણી યોજાઇ હતી. જેમા ભારતીય જનતા પાર્ટીની ૧૫૬ બેઠકો પર ઐતિહાસિક જીત થઇ હતી. આ જીત થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફરી મુખ્યમંત્રી બનશે. ગુજરાતમાં ભાજપ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નરેન્દ્ર મોદીના નામે ચૂટણી લડવામાં આવી હતી અને પ્રચંડ જીત હાંસલ થઇ છે. રાજ્યના એવા ૧૬ જિલ્લાઓ છે જ્યાં કોંગ્રેસ હાલ શૂન્ય થઇ ગઇ છે. આ કોંગ્રેસ મુક્ત જિલ્લાઓ કચ્છ જિલ્લાની ૬ બેઠકો, ગાંધીનગરમાં ૫ બેઠકો, સુરેન્દ્રનગરમાં ૫ બેઠકો, મોરબીમાં ૩ બેઠકો, રાજકોટમાં૮ બેઠકો, દ્વારકામાં ૨ બેઠકો, અમરેલીમાં ૫ બેઠકો, ખેડામાં ૬ બેઠકો, પંચમહાલમાં ૫ બેઠકો, દાહોદમાં ૬ બેઠકો, છોટાઉદેપુરમાં ૩ બેઠકો, વડોદરામાં ૮ બેઠકો, ભરૂચમાં ૫ બેઠકો, સુરતમાં ૧૬ બેઠકો, તાપીમાં ૨ બેઠકો, વલસાડમાં ૫ બેઠકો ભાજપે જીતી લીધી છે. આ તમામ ૧૬ જિલ્લામાં કોંગ્રેસના ફાળે એક પણ બેઠક આવી નથી. અને, આ તમામ ૧૬ જિલ્લાઓ કોંગ્રેસમુક્ત બન્યા છે.

## ઉજ્જૈનમાં વચન આપતા રાહુલે 3 દીકરીને હેલિકોપ્ટરમાં હવાઈ મુસાફરી કરાવી



ઉજજૈન,તા.૯

રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા દરમિયાન મધ્યપ્રદેશમાં ત્રણ વિદ્યાર્થિનીને આપેલું વચન ૧૦ દિવસમાં જ પૂરું કર્યું છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ પોતાની ભારત જોડો યાત્રા દરમિયાન હાલ રાજસ્થાનમાં છે. ગુરુવારે યાત્રાની બુંદી જિલ્લામાં એન્ટ્રી થઈ હતી. કોટામાં યાત્રા પૂર્ણ થયા પછી રાહુલ સીધા બુંદીના ગુડલીમાં બનાવેલા હેલિપેડ પહોંચે છે. ત્યાં ઉજ્જૈનની ત્રણ વિદ્યાર્થિની રાહુલની રાહ જોઈને બેસેલી હતી. તેઓ રાહુલ સાથે હેલિપેડની રાઈડ કરવા આવી હતી.૨૯ નવેમ્બરે ઉજ્જૈનમાં યાત્રા દરમિયાન રાહુલ ૧૧માની વિદ્યાર્થિની શીતલ, અંતિમા અને ધો.૧૦માં ભણનારી ગિરિજાને મળ્યા હતા. રાહુલે તેમની સાથે અનેક ડ્રીમ કરિયરને લઈને વાત કરી. રાહુલે પૂછ્યું કે શાળા પછી ભણતર સિવાય તેમનાં કયાં-કયાં સપનાં છે. વાત વાતમાં તેમણે રાહુલને હવાઈયાત્રા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. એ સમયે રાહુલે ત્રણેયને વચન આપ્યું હતું કે તમને જલદી હવાઈયાત્રા કરાવીશ. વિદ્યાર્થિનીઓ હેલિકોપ્ટરને લઈને ખૂબ જ ઉત્સાહિત હતી. તેમણે હેલિકોપ્ટરને લઈને પાઇલટને ઘણા પ્રશ્નો પણ પૂછ્યા.રાહુલે ૧૦ દિવસમાં પોતાનું વચન પૂરું કરતાં ત્રણેય વિદ્યાર્થિનીને ૨૦ મિનિટની હેલિકોપ્ટર રાઈડ કરાવી. જ્યારે તે લોકો હેલિકોપ્ટરમાંથી નીચે ઊતર્યાં ત્યારે રાહુલે તેમને ચોકલેટ પણ આપી. હેલિકોપ્ટરના પાઇલટે ૧૦ મિનિટ સુધી તેમને ટેક્નિકલ માહિતી પણ આપી. તેમણે રાહુલ સાથે ફોટા પણ પડાવ્યા.ઉજ્જૈન રહેવાસી ૧૧મા વર્ગની શીતલ પાટીદાર, અંતિમા પવાર અને ૧૦માની વિદ્યાર્થિની ગિરિજા પવારે જણાવ્યું હતું કે આ અમારા માટે એક સપનું પૂરું થયા સમાન છે. તેમણે જણાવ્યું હતું કે અમે પહેલી વાર હેલિકોપ્ટરમાં બેઠા અને એ પણ રાહુલ ગાંધી સાથે. આ ક્ષણ અમારા માટે અકલ્પનીય હતી.ત્રણેય વિદ્યાર્થિની કહે છે, રાહુલે તેમની સાથે ઘણી વાતો કરી. તેમણે કરિયરને લઈને ઘણાં સૂચનો પણ આપ્યા હતા.યાત્રા દરમિયાન અમે એક સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી રાહુલ ગાંધી સાથે જોડાયા. ત્યારે તેમણે કહ્યું હતું કે સમર્પણ અને મહેનતથી લક્ષ્ય તરફ આગળ વધશો તો હવાઈયાત્રા કરવાનું સપનું પૂરું થશે. હવાઈયાત્રા દરમિયાન રાહુલે અમને કહ્યું હતું કે દેશભરની યાત્રા દરમિયાન તેઓ બાળકોને મળે છે અને તમામ બાળકોએ મોટા પડદા પર જવાની ઈચ્છા વ્યક્ત કરે છે.તેમણે કહ્યું હતું કે બાળકો જે કંઈપણ કરે એ દિલથી કરે, તેમને જે પણ સૌથી વધુ ગમતું હોય એ દિલથી કરીને પોતાની કારકિર્દી બનાવવી જોઈએ. વિદ્યાર્થિનીઓએ જણાવ્યું હતું કે રાહુલે અમને કહ્યું હતું કે પરિવાર કે સમાજના દબાણમાં કરિયર પસંદ ન કરો, તમારી પસંદગીની કારકિર્દી પસંદ કરો. હવાઈ ??સફર બાદ રાહુલે વિદ્યાર્થિનીઓને હેલિકોપ્ટરની સ્પીડ, એ કેટલા સમયમાં કેટલું અંતર કાપે છે જેવી મહત્ત્વની માહિતી આપી હતી.

## 'અમિત શાહના દાવા ૧૧ રાજ્યોમાં ખોટા સાબિત થયા', ગુજરાતના પરિણામો પછી આપ નેતા સંજય સિંહ

નવીદિલ્હી,તા.

ગુજરાત ચૂંટણીના પરિણામો બાદ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે તેમની પાર્ટીને રાષ્ટ્રીય પાર્ટી બનાવવા બદલ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો અને ગુજરાતમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરોની મહેનતની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતમાં જનતા અને કાર્યકરોના કારણે અમને ઓળખ મળી છે. આ સાથે સંજય સિંહે ભાજપ પર પ્રહાર કરીને કહ્યુ કે ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહ દ્વારા ૧૧ રાજ્યોમાં કરવામાં આવેલા દાવા ખોટા સાબિત થયા છે.

સંજય સિંહે કહ્યુ કે કોઈપણ પાર્ટી હારવા માટે નહિ પરંતુ જીતવા માટે જ ચૂંટણી લડે છે. આ રીતે જોશો તો ભારતના ગૃહમંત્રી અમિત શાહ કે જેઓ રાજકારણના ચાણક્ય ગણાય છે. ૨૦૧૮થી ૧૧ ચૂંટણીમાં તેમના દાવા ખોટા સાબિત થયા છે. સંજય સિંહે કહ્યુ કે દિલ્લી, હરિયાણા, બંગાળ, મહારાષ્ટ્ર અને બિહારને લઈને અમિત શાહના ચૂંટણી દાવા ખોટા સાબિત થયા છે.

પીએમ મોદી વડાપ્રધાન બન્યા બાદ બંગાળ ગયા તો ૨૦૧૬માં તેમને બંગાળમાં ત્રણ સીટો મળી હતી. આ પછી ૨૦૧૯માં જ્યારે પીએમે ખૂબ જ મહેનત કરી ત્યારે આંધ્રપ્રદેશની તમામ ૧૭૩ બેઠકો પર ભાજપની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ. ૨૦૧૯માં ભાજપને ૦.૮ ટકા વોટ મળ્યા હતા. કેરળમાં ૪૦ વર્ષ સુધી ભાજપને એક પણ સીટ મળી ન હતી. ૪૦ વર્ષમાં ભાજપને તમિલનાડુમાં માત્ર ૮ સીટ મળી હતી.

સંજય સિંહે વધુમાં કહ્યુ કે અમારી આમ આદમી પાર્ટી ભારતમાં સૌથી ઝડપથી વિકસતી રાષ્ટ્રીય પાર્ટી છે. હું મારી ખુશી વ્યક્ત કરવા માંગુ છુ કે આજે અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ છે. આજે આપના નેતાઓ ખુશ છે કે અમારી પાર્ટીએ દસ વર્ષમાં આટલુ સારુ અંતર કાપ્યુ છે.

સંજય સિંહે કહ્યુ કે ગુજરાતની જનતાએ આપને રાષ્ટ્રીય પાર્ટી બનાવી છે. તેમણે કહ્યુ કે આપ માત્ર ૧૦ વર્ષમાં રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો પ્રાપ્ત કરવામાં સફળ રહી છે. આ પાર્ટીના વિકાસની ગતિ છે. અમને ગુજરાતમાં લગભગ ૩૫ લાખ મત મળ્યા છે. ગુજરાત પીએમ મોદી અને અમિત શાહનો ગઢ છે.

## શિવસેનાના મુખપત્ર સામનામાં પણ પીએમ મોદીના વખાણ કરવામાં આવ્યા



મુંબઇ,તા.૯

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી છે. ભાજપે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્યમાં આટલી મોટી જીત મળ્યા બાદ દરેક જણ ભાજપના વખાણ કરી રહ્યું છે. આ બધા વચ્ચે શિવસેનાના મુખપત્ર સામનામાં પણ પીએમ મોદીના વખાણ કરવામાં આવ્યા છે. સામનાના સંપાદકીયમાં ગુજરાતની અંદર મોદી લહેર મેજિકના વખાણ થયા છે.

શિવસેનાના મુખપત્ર સામનામાં ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતનો શ્રેય પ્રધાનમંત્રી મોદીને આપવામાં આવ્યો. સામનાના સંપાદકીયમાં કહેવાયું છે કે ગુજરાતમાં ફક્ત મોદી લહેરથી જીત મળી. જો કે હિમાચલ પ્રદેશ અને એમસીડીમાં ભાજપની હાર પર સવાલ પણ ઉઠાવવામાં આવ્યા. સામનામાં કહેવાયું કે ત્યાં મોદી મેજિક ન ચાલ્યો.

અત્રે જણાવવાનું કે છેલ્લા કેટલાક સમયથી સામનામાં ભાજપ અને પીએમ મોદી અંગે અનેક આકરી ટિપ્પણીઓ કરાઈ હતી. આથી ગુજરાત જીત બાદ સામનાના સંપાદકીયમાં પીએમ મોદીના વખાણ થાય તે ચોંકાવનારું છે.

અત્રે જણાવવાનું કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૫૬ વિધાનસભા બેઠકો પર જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ફાળે ફક્ત ૧૭ બેઠકો આવી. આ ઉપરાંત આમ આદમી પાર્ટીને ગુજરાતમાં ૫ બેઠકો મળી. સમાજવાદી પાર્ટીને પણ એક સીટ મળી જ્યારે અપક્ષોના ફાળે ૩ બેઠક ગઈ.

નોંધનીય છે કે આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના મતની ટકાવારીમાં ગત વર્ષ કરતા ૪ ટકાનો વધારો થયો છે. ભાજપને આ વખતે ૫૩ ટકા મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસને ૨૭ ટકા મત મળ્યા. આપને ૧૩ ટકા મત મળ્યા.

## જોધપુરઃ લગ્ન પ્રસંગમાં એક સાથે છ ગેસ સિલેન્ડર ફાટ્યા, ૫ લોકોના મોત, ૩૫ની હાલત ગંભીર

જોધપુર,તા.૯

જોધપુરમાં માતા કા થાન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ગેસ સિલેન્ડરના આઘાત હવે શાંત થયો નથી ત્યાં વધું એક ગેસ સિલેન્ડરની દુર્ઘટનાથી જિલ્લામાં સોપો પડી ગયો છે. હકીકતમાં જોધપુર જિલ્લાના શેરગઢ વિસ્તારમાં ભુંગરા ગામમાં ગુરુવારે બપોરે લગ્નના એક સમારંભ સ્થળ પર જાન નિકળે તે પહેલા મોટી દુર્ઘટના થઈ ગઈ હતી. જ્યાં લીકેજ બાદ એક પછી એક છ ગેસ સિલેન્ડર ફાટતા ૫ લોકોના મોત થઈ ગયા છે. તો વળી આ દુર્ઘટનામાં ૬૧ લોકો ઘાયલ પણ થયા છે. આ દુર્ઘટનાની ચપેટમાં વરરાજાના પિતા પણ આવી ગયા છે. તો વળી મહિલાઓ અને માસૂમ બાળકો પણ ઘાયલ થયા હોવાની સૂચના મળી રહી છે.પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, ૩૫ લોકોના હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ દુર્ઘટના બાદ લગ્ન પ્રસંગ અને આખા ગામમાં માતમ છવાયો હતો. કહેવાય છે કે, લગ્ન પ્રસંગ દરમિયાન ખાવાનું બની રહ્યું હતું અને ગામલોકો ભોજન લઈ રહ્યા હતા. આગ લાગતા જ ખાવાનું બનાવતા લોકો ગેસનો ચૂલો છોડીને ભાગવા લાગ્યા. પાઈપ પણ સળગી ગયા અને તેના કારણે ગેસ લીકેજ થતો રહ્યો અને તેનાથી મોટી દુર્ઘટના થઈ હતી.સૂચના મળતા જોધપુરથી એક ફાયર વિભાગની ગાડી ઘટનાસ્થળે આવી ગઈ. ૬૦ ઘાયલ લોકોને શેરગઢ, બાલેસર તથા સેતરાવાની હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ અમુક લોકોને ઘરે જવા દીધા હતા. જ્યારે ૫૧ જણાંને જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં રેફર કર્યા છે.

## ગુજરાતની પ્રચંડ જીતથી ભાજપને રાજયસભામાં મોટો ફાયદો થશેઃ તમામ ૧૧ સભ્યોનો રેકોર્ડ સર્જશે



નવીદિલ્હી તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીતને પગલે ભાજપને રાજયસભામાં પણ મોટો ફાયદો થવાની સંભાવના છે. ગુજરાતની તમામ ૧૧ રાજયસભા બેઠકો ભાજપના કબ્જામાં આવી જાય તેમ છે.રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ ૧૧ સભ્યોનું છે. હાલ ૮ બેઠકો પર ભાજપનો કબ્જો છે જયારે ત્રણ કોંગ્રેસના હાથમાં છે. આવતા વર્ષે ત્રણ બેઠકો પર સભ્યો નિવૃત થવાના છે અને તે ભાજપ જ મેળવે તે સ્પષ્ટ છે.૨૦૨૪માં ચાર બેઠકો ખાલી થશે અને તેમાં ભાજપ વધારાની બે બેઠકો હાંસલ કરશે અને જુન ૨૦૨૬માં ખાલી થનારી ચાર બેઠકોમાંથી વધુ એક બેઠક ભાજપ મેળવી શકશે. આ વખતે તમામ ૧૧ રાજયસભા બેઠકો ભાજપના હાથમાં આવી જશે. મોટા રાજયોમાં રાજયસભાની તમામ બેઠકો એક જ પક્ષ પાસે હોય તેવુ ભાગ્યે જ જોવા મળતુ હોય છે.

ગુજરાતની ઐતિહાસિક જીતથી ભાજપને રાજયસભામાં ફાયદો થવાની સામે હિમાચલમાં સતા ગુમાવતા બે બેઠકોનું નુકશાન થઈ શકે છે. એપ્રિલ ૨૦૨૪માં કોંગ્રેસને હિમાચલની ત્રણમાંથી એક રાજયસભા બેઠક મળી શકશે જયારે ૨૦૨૬માં બીજી સીટ મળશે. હાલ હિમાચલની રાજયસભાની ત્રણેય બેઠકો ભાજપ પાસે છે. ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડા ૨૦૨૪માં નિવૃત થવાના છે.

રાજયસભાની કુલ ૧૦ બેઠકો આવતા વર્ષે ખાલી થવાની છે એટલે કોઈ મોટો બદલાવ થાય તેમ નથી પરંતુ એપ્રિલ ૨૦૨૪માં મોટુ પરિવર્તન થશે ત્યારે ૫૬ બેઠકો ખાલી થવાની છે અને વિવિધ રાજયોમાં તેનું મતદાન થશે. રાજયસભામાં હાલ ૨૩૯ સભ્યો છે. છ બેઠકો ખાલી છે તેમાં કાશ્મીરની ચાર છે. રાજયસભામાં સૌથી વધુ ૯૨ બેઠકો ભાજપ પાસે છે. કોંગ્રેસના ૩૧, તૃણમુલ કોંગ્રેસના ૧૩, ડીએમકે- 'આપ'ના ૧૦-૧૦ સાંસદો છે.

## તંત્રી સ્થાનેથી...

# સુપ્રીમની મર્યાદા

*રાજ્યસભાના સભાપતિ રૂપે પોતાના પહેલાં સંબોધનમાં જગદીપ ધનખડે જે રીતે ન્યાયપાલિકા અને વિશેષ રૂપે સુપ્રીમ કોર્ટને તેની લ-મણ રેખાની યાદ અપાવતાં તેના દ્વારા નકારી દેવાયેલા રાષ્ટ્રીય ન્યાયિક આયોગનો ઉલ્લેખ કર્યો, તેનાથી સ્પષ્ટ છે કે આ વિષય ફક્ત ચર્ચા સુધી સીમિત રહેવાનો નથી. એ રહેવો પણ ન જોઈએ, કારણ કે સુપ્રીમ કોર્ટ દ્વારા સર્વસંમતિથી પસાર કોઈ સંશોધન વિધેયકને ફગાવી દેવો કોઈ સાધારણ વાત નથી. એટલા માટે, કારણ કે આ વિધેયકના માધ્યમથી જે રાષ્ટ્રીય ન્યાયિક આયોગની રચના કરવામાં આવી હતી, તે એ કોલેજિયમ વ્યવસ્થાનું સ્થાન લેવાની હતી, જેનો બંધારણમાં કોઈ ઉલ્લેખ નથી. કોલેજિયમ વ્યવસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોની નિયુક્તિનો અધિકાર પોતાના હાથમાં એ રીતે લઈ લીધો કે આ નિયુક્તિઓમાં સરકારની ભૂમિકા માત્ર મહોર મારવાની જ રહી ગઈ છે. એ આશ્ચર્યની વાત છે કે નવા સભાપતિ જગદીપ ધનખડ પહેલાં સંસદમાં કોઈએ એ રેખાંકિત કરવું જરૂરી ન માન્યું કે સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય ન્યાયિક આયોગની રચના કરનારા બંધારણીય સંશોધન વિધેયકને નકારી દઈને સંસદની સંપ્રભુતાની અવગણના કરવાની સાથે જ જનાદેશનું અસન્માન કર્યું. આ વિધેયકને નકારતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ બંધારણના મૂળ માળખાને અનુરૂપ નથી. સમજવું મુશ્કેલ છે કે કોઈએ એ પ્રશ્ન કેમ ન ઉઠાવ્યો કે શું ન્યાયાધીશો દ્વારા પોતાના સહયોગીઓની નિયુક્તિ કરવી બંધારણની મૂળ ભાવનાને અનુકૂળ છે? જો કારોબારીના શીર્ષ પદાધિકારી પોતાના ઉત્તરાધિકારીઓની પસંદગી જાતે જ કરવા લાગે તો શું થાય? એ ઠીક છે કે સમયે સમયે કોલેજિયમ વ્યવસ્થા પર સવાલ ઉઠતા રહ્યા અને હાલમાં જ કાનૂન મંત્રી કિરણ રિજિજુએ કેટલાય અવસરો પર એમ કહ્યું કે આ વ્યવસ્થા બંધારણસંમત નથી, પરંતુ શું એટલું પૂરતું છે? એ સારું થયું કે જગદીપ ધનખડે કોલેજિયમ વ્યવસ્થાને લઈને પહેલાં સંસદની બહાર પોતાની અસહમતિ પ્રગટ કરી અને હવે સંસદમાં. જોકે સુપ્રીમ કોર્ટે આજે લગભગ એવી ચીમકી જ આપી દીધી કે સરકાર તેમના મંત્રીઓને કોલેજિયમ વિરુદ્ધ બોલતાં અટકાવે. પરંતુ જો સુપ્રીમ કોર્ટ સુધારા માટે સક્રિય ન થાય તો સંસદે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે યથાસ્થિતિ બદલાય અને ન્યાયાધીશોની નિયુક્તિઓની એવી વ્યવસ્થા બને, જેમાં સમસ્ત શક્તિ સુપ્રીમ કોર્ટ પાસે જ ન રહે. આવું એટલા માટે થવું જોઈએ, કારણ કે વિશ્વના કોઈપણ મુખ્ય લોકતાંત્રિક દેશમાં ન્યાયાધીશ જ ન્યાયાધીશોની નિયુક્તિઓ નથી કરતા. ભારતમાં જ આવું થાય છે, સાથે જ તેની આખી પ્રક્રિયા પણ ગોપનીય રાખવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના વર્તમાન અને પૂર્વ ન્યાયાધીશ ગમે તે દાવા કરે, એમ ન કહી શકાય કે કોલેજિયમ વ્યવસ્થા આવ્યા બાદ સુયોગ્ય ન્યાયાધીશો જ પસંદ કરાયા છે.*

## સોનિયા ગાંધીના જન્મદિવસે પીએમ મોદી સહિત અનેક નેતાઓએ સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી



જયપુર,તા.૯

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી તેમનો ૭૬મો જન્મદિવસ રાજસ્થાનના રણથંભોરમાં ઉજવી છે.તે ચાર દિવસના પ્રવાસે રાજસ્થાન આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે સોનિયા ગાંધી પણ ભારત જોડો યાત્રામાં ભાગ લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેમણે ટ્વીટ કરીને લખ્યું કે 'શ્રીમતી સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છાઓ. તેમના જન્મદિવસ પર તેમને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. નીતિન ગડકરીએ ટ્વિટર પર સોનિયા ગાંધીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી અને તેમના સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. આ સિવાય કોંગ્રેસના ઘણા નેતાઓએ પણ સોનિયા ગાંધીને તેમના ૭૬માં જન્મદિવસ પર અભિનંદન સંદેશો આપ્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. ટ્વીટર પર સોનિયાને અભિનંદન આપતા ખડગેએ લખ્યું કે તેમની દયા, સમર્પણ અને ગરિમાએ લાખો લોકોને પ્રેરણા આપી છે. તેમને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી હતી. ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ શ્રીનિવાસ બીવીએ ટ્વીટ કર્યું, ×દેશના નામે સર્વસ્વ બલિદાન આપનાર, હંમેશા બલિદાન અને સમર્પણનું ઉદાહરણ બેસાડનારા આવા નેતાઓ ભારતીય રાજકારણમાં બહુ ઓછા છે. હિંમત અને સમર્પણનો પર્યાય, અમારા નેતા શ્રીમતી સોનિયા ગાંધીને જન્મદિવસની શુભકામનાઓ. આ સિવાય કોંગ્રેસ પ્રવક્તા પવન ખેરાએ પણ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

સોનિયા ગાંધી તેમના જન્મદિવસના એક દિવસ પહેલા ગુરુવારે રાજસ્થાનના સવાઈ માધોપુર પહોંચ્યા હતા. અહીં પહોંચ્યા બાદ સોનિયા ગાંધીએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે સવાઈ માધોપુરના રણથંભોર સ્થિત જોગી મહેલની યાત્રા પણ કરી હતી. ગાંધી પરિવારે આ દરમિયાન રણથંભોર ટાઈગર સફારીનો પણ આનંદ માણ્યો હતો.ગાંધી પરિવાર રણથંભોર ટાઈગર રિઝર્વ પાસે આવેલા વૈભવી રિસોર્ટ સુજાન શેર બાગમાં રહે છે. જેના માલિક અંજલિ અને જેસલ સિંહ છે, જેઓ ગાંધી પરિવારના મિત્રો છે. ખાસ વાત એ છે કે પ્રિયંકા ગાંધીએ અંજલિ અને જેસલ સિંહ સાથે મળીને 'રણથંભોરઃ ધ ટાઈગર્સ રિયલમ' પુસ્તકની સહલેખક છે.

જયપુરથી સોનિયા ગાંધી ગુરુવારે હેલિકોપ્ટર દ્વારા સવાઈ માધોપુર પહોંચ્યા હતા. થોડા કલાકો બાદ રાહુલ અને પ્રિયંકા પણ તેમની માતા પાસે આવેલા રિસોર્ટમાં પહોંચી ગયા હતા. સૂત્રોએ જણાવ્યું કે સોનિયા ગાંધીની સાથે પ્રિયંકા પણ ૧૦ ડિસેમ્બરના રોજ ભારત જોડો યાત્રામાં ભાગ લેશે, જે મહિલા સહભાગીઓ માટે આરક્ષિત દિવસ છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાહુલ ગાંધીથી ડરે છે : કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી

## સરકાર જી૨૦ નો ઉલ્લેખ કરવાને બદલે ભારત-ચીન મુદ્દા પર સંસદમાં ચર્ચા કરે



નવીદિલ્હી,તા.૯

બે રાજ્ય અને છ વિધાનસભા પેટાચૂંટણીના પરિણામોના એક દિવસ બાદ લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે હવે મોદી મેજિકનો અંત આવી રહ્યો છે. અધીર રંજને કહ્યું કે ચીની સેનાએ લદ્દાખમાં ઘૂસણખોરી કરી અને રહેવાની સુવિધા સાથે ૨૦૦થી વધુ આશ્રયસ્થાનો બનાવ્યા. હવે આપણી સેનાને દૂરના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવાની મંજૂરી નથી. જો આવું જ ચાલુ રહ્યું તો સિયાચીન ગ્લેશિયરમાં સ્થિતિ તંગ બની શકે છે.

તે જરૂરી છે કે સરકાર ४२० નો ઉલ્લેખ કરવાને બદલે ભારત-ચીન મુદ્દા પર (સંસદમાં) ચર્ચા કરે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ વધુમાં કહ્યું કે મોદીજીએ આ ચૂંટણીમાંથી બોધપાઠ લેવો જોઈએ, મોદીજીનો જાદુ ખતમ થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે તેઓ ત્રણ ચૂંટણી લડ્યા અને એકમાં જીત્યા. તેઓ ગુજરાતમાં ઘરે ઘરે ગયા, આટલા પ્રગતિશીલ હોવા છતાં તેઓ ઘરે ઘરે કેમ ગયા? સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવું પડ્યું. મોદીજીનો જાદુ તેમના પરથી દૂર થઈ રહ્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે અગ્નિવીરને આ રીતે બતાવવામાં આવ્યા, તો હવે હિમાચલમાં શું થયું? ૨૦૨૪માં રાહુલજી સાથે મુકાબલો થશે. મોદીજી ઈચ્છે છે કે તેઓ ભારતમાં ગુરુ બને, બાકી બધાએ શિષ્ય બનવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે મોદીજી રાહુલ ગાંધીથી ડરે છે. કારણ કે જો કોઈ માથું ઊંચું કરીને વાત કરે છે તો તે આપણા નેતા રાહુલ ગાંધી છે.

ઉલ્લેખનીય છે કે હિમાચલ વિધાનસભામાં કોંગ્રેસ સામે ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. જ્યારે પેટાચૂંટણીમાં પણ હારનો સામનો કરવો પડ્યો છે. જો કે, ભાજપે જ્યાં મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગૃહ રાજ્યમાં 'ઐતિહાસિક' જીત સાથે નવો રેકોર્ડ બનાવ્યો છે. ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશમાં નજીકથી લડાઈ બાદ કોંગ્રેસ સામે હારી ગઈ અને પહાડી રાજ્યમાં વૈકલ્પિક રીતે શાસન કરવાની લગભગ ચાર દાયકાથી લાંબી પરંપરાને જાળવી રાખતા કોંગ્રેસ અને ભાજપને વારાફરથી શાસન કરવાનો મોકો મળી રહ્યો છે.

કોંગ્રેસના નેતાઓએ હિમાચલ પ્રદેશમાં જીતનો શ્રેય તેના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાને આપ્યો. પાર્ટીની આ જીત તેમનું મનોબળ વધારનાર છે.

ગુજરાતમાં મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો ન હતો અને તેમણે તેમના ગૃહ રાજ્યમાં ૩૧ ચૂંટણી રેલીઓને સંબોધીને તેમની પાર્ટી માટે ખૂબ પ્રચાર કર્યો હતો. રાજ્યમાં ત્રણ-ચતુર્થાંશથી વધુ બહુમતી મેળવીને ભાજપે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

ભાજપની આંધીમાં કોંગ્રેસ રાજ્યમાં તેના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ છે અને ઉંચા દાવા કરનાર આમ આદમી પાર્ટી (આપ) તેને કોઈ ટક્કર આપી શકી નથી. ભાજપના ગુજરાતના પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પાર્ટીના ૬૦ વર્ષીય મૃદુ-ભાષી ચહેરા ભૂપેન્દ્ર પટેલ મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહેશે અને તેમનો શપથ ગ્રહણ સમારોહ ૧૨ ડિસેમ્બરે યોજાશે.

# સુપ્રીમ આદેશઃસંસદને કાયદો બનાવવાનો હક છે, તો અમને સમીક્ષાનોઃ સુપ્રીમકોર્ટ

નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે કોલેજિયમ સિસ્ટમ મુદ્દે કેન્દ્ર સરકારને આકરી ભાષામાં ફટકાર લગાવી છે. જસ્ટિસ સંજય કિશન કૌલની અધ્યક્ષતા ધરાવતી બેન્ચે ગુરુવારે કોલેજિયમ અંગેની અરજીની સુનાવણીમાં કહ્યું કે, સંસદને કાયદો બનાવવાનો હક છે, તો સુપ્રીમ કોર્ટને પણ કાયદાની સમીક્ષા (સ્ક્રૂટિની) કરવાનો હક છે.

ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો દ્વારા કોલેજિયમ સિસ્ટમની ટીકા કરવી અયોગ્ય છે. કેટલાક લોકોના વિરોધથી તે સિસ્ટમ ખતમ નહીં થાય. બેન્ચે એટર્ની જનરલ વેંકટરમણિને કહ્યું કે, તમે સરકારને જણાવો કે કોલેજિયમ સિસ્ટમ દેશનો કાયદો છે અને તેનું પાલન થવું જોઈએ.

કાલે તેઓ કહેશે કે, પાયાનું માળખું પણ બંધારણનો ભાગ નથી, તો શું તેને પણ હટાવી દેશો?

બીજી તરફ, ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજ્યસભામાં પોતાના પહેલા સંબોધનમાં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી)નો મુદ્દો ઉઠાવ્યો હતો. ધનખડે કહ્યું હતું કે, ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા એનજેએસીને ફગાવી દીધો હતો, જે જનાદેશનું અપમાન કરનારું પગલું હતું.

જનાદેશના સંરક્ષક લોકસભા અને રાજ્યસભાએ એનજેએસી પસાર કર્યો હતો. અગાઉ કાયદા મંત્રી કિરેન રિજિજુએ પણ કોલેજિયમ સિસ્ટમને જનવિરોધી ગણાવીને ટીકા કરી હતી. તેઓ અનેક વાર જાહેરમાં એનજેએસીનું સમર્થન કરી ચૂક્યા છે.

જસ્ટિસ કૌલઃ સમાજનો એક વર્ગ સંસદે બનાવેલા અમુક કાયદા સાથે સંમત નથી. શું કોર્ટ તેના આધારે તે કાયદા પણ રદ કરી દેવા જોઈએ? એટર્ની જનરલ વેંકટરમણિઃ કોર્ટે પાછલી સુનાવણીના નિર્દેશોની સરકારને જાણકારી આપી છે. હવે ઝડપથી વિવાદિત મુદ્દા ઉકેલાઈ જશે.

જસ્ટિસ કૌલઃ આ અંતહીન લડાઈની જેમ ના ચાલી શકે. આ મામલાનો ઝડપી ઉકેલ લાવો. હજુ સુપ્રીમ કોર્ટે અવમાનનાની નોટિસ જારી નથી કરી.

જસ્ટિસ કૌલઃ કોલેજિયમ તરફથી મોકલેલા નામોમાં સરકાર તરફથી મોડું કરવું અયોગ્ય છે. નામો અટકાવવાથી સમગ્ર સિસ્ટમમાં ખલેલ પડે છે.

વરિષ્ઠ વકીલ વિકાસ સિંહઃ બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો સુપ્રીમ કોર્ટના ન્યાયિક પુનરાવલોકનના અધિકારને પડકારે તે અયોગ્ય છે. જસ્ટિસ વિક્રમ નાથઃ સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વિશે અયોગ્ય ટિપ્પણીઓ ના કરવી જોઈએ.

એજી સરકારને આ પ્રકારના નિવેદનો રોકવા અંગે કહે.

તૃણમૂલ સાંસદ સૌગત રાયે ગુરુવારે લોકસભામાં કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ કેન્દ્ર સરકારના અન્યાય વિરુદ્ધ મોટી ગેરંટી છે. સરકાર ન્યાયપાલિકા સહિત દરેક સ્થળે સત્તા હડપવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર કોલેજિયમ સિસ્ટમ ખતમ કરવા ઉચ્ચ હોદ્દે બેઠેલાનો ઉપયોગ કરી રહી છે.

કાયદા મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં કહ્યું કે, હાલ એનજેએસીને ફરી શરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. હાલ સરકાર પાસે સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિનો એક અને હાઈકોર્ટના આઠ પ્રસ્તાવ પેન્ડિંગ છે.


## દિલ્લીના ઔદ્યોગિક વિસ્તારના ટોયલેટમાંથી ત્રણ વર્ષના બાળકની લાશ મળતા લોકોમાં આક્રોશ

નવીદિલ્હી,તા.૯

ભારતમા આજકાલ ચોકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે એવામા દિલ્લીમા વધુ એક ક્રાઈમની ઘટના સામે આવી છે. દિલ્લીના ઝીલમિલ ઔધોગિક ક્ષેત્રના ટોયલેટમાથી ત્રણ વર્ષના બાળકની લાશ મળી આવી છે. બાળકની લાશની આસપાસ બાળકના આંતરીક વસ્ત્રો , બિસ્કીટનુ પેકેટ અને થોડા ઘણા રુપિયા મળી આવ્યા હતા. દિલ્લી પોલીસને જાણ મળતા બાળકની લાશને પોસ્ટમોર્ટમ માટે લઈ ગયા હતા. મળતી માહીતી અનુસાર બાળક સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કાર્ય થયું હોવાની પોલીસને આશંકા છે. પોલીસના મતે બાળક સાથે કુકર્મ કરીને બાળકની હત્યા કરવામા આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમા બાળકના શરીર પર મારપીટ, ગળુ દબાવવા જેવા અન્ય કોઈ નિશાન મળ્યા નથી. જેથી પોલીસ તેની વધુ તપાસ હાથ ધરવામા આવી છે.દિલ્લી પોલીસે પંચનામુ કરીને બાળકની લાશને પોસ્ટમોર્ટમ કરવા આપી હતી જેથી બાળકની હત્યાનુ કારણ જાણી શકે.આ દરમિયાન બાળકની ઓળખ મેળવવાની કોશિશ કરી હતી પરંતુ હજી સુધી બાળકની ઓળખાણ થઈ નથી. જેથી પોલીસ બાળકની ઓળખાણ મળી રહે તે માટે બાળકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલવામા આવી છે અને આજુબાજુના વિસ્તારોમા બાળકની ઓળખાણ મેળવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ હજી તે બાળક કોણ છે , કયાથી આવ્યુ છે તેના પુરાવા પોલીસને મળ્યા નથી. પોલીસે કરેલી તપાસમા હજી સુધી બાળકની હત્યાના પુરાવા મળ્યા નથી. દિલ્લી પોલીસે આપેલી માહીતી અનુસાર બાળકની હત્યા કેવી રીતે થઈ છે બાળક સાથે કોઈ કુકર્મ થયુ છે કે નહી તે હજી સુધી સ્પષ્ટ થયુ નથી.

આ ઘટનાના પગલે લોકોમા રોષ જોવા મળી રહયો છે, લોકો ઈચ્છી રહ્યા છે કે બાળકનો હત્યારો ઝડપથી પકડાઈ જાય અને તેને કડકમાં સજા થવી જ જોઈએ.

## મારી પુત્રીની ક્રૂરતાથી હત્યા કરનાર આફતાબને સખત સજા થવી જોઈએઃ શ્રદ્ધાના પિતા





મુંબઈ,તા.૯

શ્રદ્ધા હત્યા કેસના મુખ્ય આરોપી આફતાબ પૂનાવાલાની જ્યુડિશિયલ કસ્ટડી ૧૪ દિવસ માટે લંબાવવામાં આવી છે. બીજી તરફ, શુક્રવારે શ્રદ્ધાના પિતા વિકાસ વાલ્કરે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા બાદ મીડિયા સાથે વાતચીત કરી હતી. વિકાસ વાલ્કરે કહ્યું કે શ્રદ્ધાના મૃત્યુથી અમારો આખો પરિવાર દુખી છે. તેમણે કહ્યું કે દીકરીની હત્યાના કારણે મારી માનસિક સ્થિતિ પણ બગડી ગઈ છે.

શ્રદ્ધાના પિતાએ વધુમાં કહ્યું કે દિલ્હી પોલીસે અમને આશ્વાસન આપ્યું છે કે અમને ન્યાય મળશે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ અમને આ વાતની ખાતરી આપી છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને પોલીસ વિભાગના કેટલાક લોકો તરફથી મદદ મળી નથી, જેના માટે તે ખૂબ જ દુઃખી પણ છે. તેમણે કહ્યું કે અમે પોલીસને દરેક સંભવ મદદ કરી રહ્યા છીએ.

વિકાસ વલકરે કહ્યું કે મારી પુત્રીની નિર્દયતાથી હત્યા કરવા બદલ આફતાબ પૂનાવાલાને કડકમાં કડક સજા મળવી જોઈએ. શ્રદ્ધાના પિતાએ કહ્યું કે મારી માંગ છે કે આ મામલાની ઉંડાણ સુધી તપાસ થવી જોઈએ અને આફતાબને આવું શિક્ષણ કોણે આપ્યું છે તે શોધી કાઢવું જોઈએ.

વિકાસ વાલકરે પત્રકાર પરિષદમાં વસઈ પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે મારી પુત્રીની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી.

### કેસોનો ભરાવો ઘટાડવા ધારાશાસ્ત્રીઓને કામે લગાડાશે ?

# વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓની 'ટૂંકા' સમયગાળા માટે ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવા કેન્દ્રને ભલામણ !

## ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની પ્રક્રિયા જટિલ છે. તેને અસરકારક બનાવવી જોઈએ

*નવીદિલ્હી,તા.૯*

*ભારતીય ન્યાયપ્રણાલીને ઝડપી બનાવવા માટે સતત પ્રયત્નો કરાઈ રહ્યા છે. ભારતના ન્યાયતંત્ર સાથે વણાઈ ગયેલો ફિલ્મ 'દામીની'નો ડાયલોગ 'તારીખ પે તારીખ'ને ભૂતકાળ બનાવવા માટે સતત પ્રયત્નો કરાઈ રહ્યા છે. ત્યારે આ દિશામાં વધુ એક પગલું માંડવા સુપ્રીમ કોર્ટે સરકારને સૂચન કર્યું છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સૂચન કર્યું છે કે, ઘણા વરિષ્ઠ અને સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રીઓ સંપૂર્ણકાલીન ન્યાયાધીશ બનવા માંગતા નથી પરંતુ ટૂંકા સમયગાળા માટે તેઓ ન્યાયાધીશ બનવાની તૈયારી ધરાવે છે ત્યારે તેમની ટૂંકા સમયગાળા માટે એટલે કે એડહોક જજ તરીકે નિમણુંક આપવામાં આવે જેના લીધે ન્યાયતંત્રની ખાલી પડેલી જગ્યાઓ ભરી શકાય અને અદાલતનું ભારણ પણ ઘટાડી શકાય.*

*ઘણા નામાંકિત વકીલો તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે ઉચ્ચ અદાલતોમાં એડહોક ન્યાયાધીશો તરીકે નિમણૂક માટે તેમની કાનૂની પ્રેક્ટિસમાંથી થોડા વર્ષો માટે વિરામ લેવા તૈયાર છે જેથી કેન્દ્રએ આ પ્રસ્તાવ પર વિચાર કરી ધારાશાસ્ત્રીઓને બે થી ત્રણ વર્ષ માટે નિમણુંક આપવી જોઈએ તેવું સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું છે. વિવિધ હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસ અને મોટી સંખ્યામાં ન્યાયિક ખાલી જગ્યાઓ હોવાથી જસ્ટિસ સંજય કે. કૌલ, અભય એસ.ઓકા અને વિક્રમનાથની બેન્ચે જણાવ્યું હતું કે, વરિષ્ઠ વકીલો ઘણીવાર કાયમી ન્યાયાધીશ પદ લેવા માટે તૈયાર નથી હોતા પરંતુ તેઓ આ પદ ટૂંકા કાર્યકાળ માટે સ્વીકારવા ઈચ્છુક હોય છે.*

*જો તેઓને તેમની નિપુણતાના ક્ષેત્રમાં કેસનો નિર્ણય લેવાની મંજૂરી આપવામાં આવે તો કેસોના નિકાલના દરમાં વધારો કરવા માટે તેમની નિમણૂક અસરકારક રહેશે તેવો તર્ક આપીને સુપ્રીમે એટર્ની જનરલ આર વેંકટરામાણીને આ વિચારની શોધ કરવા કહ્યું હતું. ખંડપીઠે જણાવ્યું હતું કે, ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની પ્રક્રિયા જટિલ છે. તેને અસરકારક બનાવવા અને વકીલોને આકર્ષવા માટે સરળ પ્રક્રિયા અપનાવવી જોઈએ.*

*આપણે એ હકીકત પર પણ ધ્યાન આપવું પડશે કે કેટલીક ઉચ્ચ અદાલતોમાં પેન્ડન્સી ખૂબ ઊંચી છે અને એડ-હોક ન્યાયાધીશો માટે ભલામણ કરવા માટે ૨૦% થી વધુ ખાલી જગ્યાઓનો માપદંડ ચોક્કસ વિષયોમાં કેસોની પેન્ડન્સી ઘટાડવામાં મદદ કરી શકશે નહીં તેવું બેન્ચે જણાવ્યું હતું. ગયા વર્ષે ૨૦ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલતોમાં લગભગ ૫૭ લાખ કેસ પેન્ડિંગને "ડોકેટ વિસ્ફોટ" તરીકે ગણાવતા હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટે માર્ગ મોકળો કરવા માટે નિષ્ક્રિય બંધારણીય જોગવાઈને સક્રિય કરી હતી. બે થી ત્રણ વર્ષ માટે બેકલોગ સાફ કરવા માટે એડહોક જજોની નિમણુંક પર ભાર મુક્યો હતો.*

*માર્ગદર્શિકામાં ટ્રિગર પોઈન્ટ જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા કે જ્યારે નિમણૂક પ્રક્રિયા ગતિ, કાર્યકાળ, નિમણૂક માટેની પ્રક્રિયા, પગાર, લાભો આવા ન્યાયાધીશોની મહત્તમ સંખ્યા અને કેસોના નિર્ણયમાં તેમની ભૂમિકા નક્કી કરી શકાય છે. અદાલતોમાં ૨૦% ખાલી જગ્યાઓ પણ કેસોનું ભારણ વધવા પાછળ જવાબદાર પરિબળ*

*ગયા વર્ષે ૨૦ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલતોમાં લગભગ ૫૭ લાખ કેસ પેન્ડિંગને "ડોકેટ વિસ્ફોટ" તરીકે ગણાવતા હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટે માર્ગ મોકળો કરવા માટે "નિષ્ક્રિય" બંધારણીય જોગવાઈને સક્રિય કરી હતી.*

# ગુજરાતમાં ભાજપના તોતિંગ વિજયની વિશ્રવભરનાં અખબારોએ નોંધ લીધી

નવીદિલ્હી,તા.૯

ગુજરાતની ચૂંટણીમાં ભાજપને મળેલી બહુમતીને ઈન્ટરનેશનલ મીડિયાએ પીએમ મોદીના નેતૃત્વને લોકો દ્વારા મળતી સ્વીકૃતિના રૂપે જોઈ છે. મોટાભાગના વિશ્લેશણો અને રિપોર્ટ મુજબ મોદીના નેતૃત્વના કારણે ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે તેનો વિકાસ અને હિન્દુત્વવાદી છબીનું મિશ્રણ જ તેની પ્રભાવશાળી છબીનો પાયો છે.

બ્રિટીશ ન્યૂઝ પોર્ટલ ઈન્ડિપેન્ડન્ટે ૨૦૨૪ની લાકેસભા ચૂંટણી પહેલાં વડાપ્રધાન મોદી માટે આ જીત રાહત ગણાવી છે.

ખાસ કરીને વધતી જતી મોંઘવારી અને બેરોજગારી વચ્ચે આટલું અભૂતપૂર્વ જનસમર્થન વિકાસવાદને હિન્દુત્વના ચમત્કારિક નેતૃત્વનું પરિણામ છે. કતારના રાજવી પરિવારના અલ જજીરાએ કહ્યું કે પીએમ મોદીની હિન્દુ રાર્ષ્ટ્રવાદી પાર્ટીએ ભારતના પિમી રાય ગુજરાતમાં નિયંત્રણ જાળવી રાખ્યું.

બ્રિટીશ મીડિયા હાઉસ ધ ગાર્ડીયને લખ્યું કે ગુજરાત લાંબા સમયથી હિન્દુ રાર્ષ્ટ્રવાદી ભાજપ પાર્ટીનો ગઢ રહ્યું છે. જેણે ૧૯૯૫ પછી સતત ચૂંટણીઓ જીતી છે. પરંતુ આ વખતેની જંગી બહુમતીથી જીત ભાજપની સૌથી મોટી ચૂંટણી સફળતા છે.

અમેરિકન મીડિયા હાઉસ એબીસી ન્યુઝે લખ્યું કે વધતી મોંઘવારી બેરોજગારી અને ધાર્મિક ધ્રુવીકરણની ટીકા છતાં મોદી અને તેની પાર્ટીની લોકપ્રિયતા આર્યજનક છે.

દુનિયાના સૌથી વધુ વેંચાતા જાપાનનાં બિઝનેસ અખબાર નિકેઈની વેબસાઈટ એશિટા નિકેઈએ લખ્યું કે ઉચ્ચ ફુગાવા અને વધતી જતી બેરોજગારીની ચિંતા છતાં ભાજપની વફાદાર હિન્દુ વોટ બેક્ર સ્થિર દેખાય છે. પોતાના સ્ટાર પાવરથી પીએમ મોદીએ ભાજપને અપેક્ષિત સફળતા અપાવી છે. સિંગાપુરના ન્યુઝ પોર્ટલ સ્ટ્રેટ ટાઈમ્સે લખ્યું કે ગુજરાત ભાજપનો ગઢ છે.

પીએમ મોદીએ ત્યાં ૨૦૦૧થી ૨૦૧૪ વચ્ચે ૧૩ વર્ષ સુધી રાય પર શાસન કર્યુ અને તેને આર્થિક મહાશકિતમાં ફેરવી નાખ્યું. પીએમ મોદીના પ્રભાવના કારણે જ તમામ સ્થાનિક મુદાઓ ઉપરાંત મોરબી દુર્ઘટના બાદ પણ ભાજપે અવિશ્રવસનિય જીત મેળવી છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# સોનાનો વાયદો રૂ.૧૮૨ અને ચાંદીનો વાયદો રૂ.૨૨૫ વધ્યોઃ ક્રૂડ તેલ ઢીલું

### કોટન, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૩૭૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૩૮૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૦૭,૪૨૮ સોદાઓમાં કુલ રૂ.૨૧,૭૭૬.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૩૬૯.૫૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૪,૩૮૬.૫૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૪,૬૧૯ સોદાઓમાં કુલ રૂ.૩,૬૫૨.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૨૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૨૭૫ અને નીચામાં રૂ.૫૪,૦૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૨ વધી રૂ.૫૪,૨૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૪ વધી રૂ.૪૩,૪૦૩ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૫,૩૪૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૮૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૪૩ વધી રૂ.૫૩,૮૮૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૩૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૬૮૧ અને નીચામાં રૂ.૬૬,૮૯૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૫ વધી રૂ.૬૭,૨૫૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૪૮ વધી રૂ.૬૭,૨૫૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૬૩ વધી રૂ.૬૭,૨૬૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૦૨૪ સોદાઓમાં રૂ.૧,૨૯૦.૨૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૧૪.૫૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૮૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૭૦૮.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૫,૪૯૫ સોદાઓમાં કુલ રૂ.૨,૩૯૭.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૯૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૦૮ અને નીચામાં રૂ.૫,૯૧૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭ ઘટી રૂ.૫,૯૬૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૬૦ ઘટી રૂ.૪૯૪.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૫૪ સોદાઓમાં રૂ.૨૯.૯૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૨૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧,૫૪૦ અને નીચામાં રૂ.૩૧,૨૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૦ વધી રૂ.૩૧,૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧ વધી રૂ.૯૮૫.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૧૦૯.૫૬ કરોડનાં ૨,૦૪૯.૬૦૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૪૨.૭૪ કરોડનાં ૩૭૭.૫૬૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૬૬.૩૦ કરોડનાં ૧૪,૫૧,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૩૧ કરોડનાં ૩,૧૪,૯૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૬.૩૨ કરોડનાં ૫૨૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૩.૬૫ કરોડનાં ૧૩૮.૯૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૪૦૫.૪૮૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૧૭.૫૫૩ ટન, ક્રૂડ તેલમાં ૨૫,૫૬,૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૬૭,૮૬,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૯,૩૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૩.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૦.૧૬ કરોડનાં ૨૬૭ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૧૧૯ના સ્તરે ખૂલી, ૩૩ પોઈન્ટ વધી ૧૫,૧૦૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૪,૩૮૬.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૭.૭૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૮.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૮૯૨.૨૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૬૮.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૩૦.૦૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૧.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૫.૮૦ અને નીચામાં રૂ.૧૫૯.૫૦ રહી, અંતે રૂ.૬.૮૦ ઘટી રૂ.૧૮૦.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪.૪૫ અને નીચામાં રૂ.૨૬.૮૫ રહી, અંતે રૂ.૪.૪૫ ઘટી રૂ.૩૨.૮૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૨૧ અને નીચામાં રૂ.૩૪૫.૫૦ રહી, અંતે રૂ.૨૮ વધી રૂ.૩૯૮.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૮૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૭૩ અને નીચામાં રૂ.૧,૫૩૫ રહી, અંતે રૂ.૨૫.૫૦ વધી રૂ.૧,૫૯૭ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૫ અને નીચામાં રૂ.૩૭૫.૫૦ રહી, અંતે રૂ.૫૯ વધી રૂ.૪૩૯.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૧.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૧.૮૦ અને નીચામાં રૂ.૧૯૦ રહી, અંતે રૂ.૪.૩૦ વધી રૂ.૨૧૪.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯.૬૦ અને નીચામાં રૂ.૧૪.૮૦ રહી, અંતે રૂ.૨.૬૫ વધી રૂ.૧૫.૪૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૨.૫૦ અને નીચામાં રૂ.૩૫૧.૫૦ રહી, અંતે રૂ.૩૪.૫૦ ઘટી રૂ.૩૬૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫ અને નીચામાં રૂ.૨૩.૫૦ રહી, અંતે રૂ.૫ વધી રૂ.૨૬.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૫૨.૫૦ અને નીચામાં રૂ.૧,૫૩૮.૫૦ રહી, અંતે રૂ.૬૩.૫૦ ઘટી રૂ.૧,૬૭૯.૫૦ થયો હતો.

## ઈંગ્લેન્ડની ટીમ પાકિસ્તાનમાં સુરક્ષિત નથી ! હોટેલ બહાર બેફામ ગોળીબાર



નવીદિલ્હી, તા.૯

ઈંગ્લેન્ડની ટીમ ૧૭ વર્ષ બાદ પાકિસ્તાનના પ્રવાસે છે. આજથી બન્ને વચ્ચે મુલતાનમાં બીજી ટેસ્ટ મેચ રમાય તે પહેલાં જ ઈંગ્લેન્ડની ટીમ જે હોટેલમાં રોકાઈ છે તેની અત્યંત નજીક ગોળીબાર થયો હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. આ ગોળીબાર સ્થાનિક ગેંગ વચ્ચે થયો હોવાનું અનુમાન છે જેમાં કોઈ જાનહાની થયાના અહેવાલો નથી.આ ઘટના એ સમયે બની હતી જ્યારે ઈંગ્લેન્ડની ટીમ બીજા ટેસ્ટની તૈયારી માટે હોટેલથી મુલતાન સ્ટેડિયમ જવા માટે નીકળવાની હતી.

પાકિસ્તાન પોલીસ આ ઘટના બાદ આરોપીઓની શોધખોળમાં લાગી ગઈ છે અને ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સ્થાનિક તંત્રએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને વિશ્વાસ અપાવ્યો છે કે આ ઘટનાથી ખેલાડીઓની સુરક્ષા ઉપર કોઈ જ અસર પડશે નહીં કેમ કે આ ઘટના જે જગ્યાએ બની છે તે ઈંગ્લેન્ડ ટીમની હોટેલથી એક કિલોમીટર દૂર છે અને ઈંગ્લીશ ટીમના સ્ટેડિયમ આવવા-જવાના રૂટનો હિસ્સો પણ નથી.

આ ઘટના બાદ ઈંગ્લેન્ડની ટીમે પાકિસ્તાન સાથે મુલતાન ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ પણ કરી હતી. ઘટના બાદ રાવલપિંડી સ્ટેડિયમની જેમ જ મુલતાનમાં પણ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.ઈંગ્લેન્ડની ટીમને પાકિસ્તાનમાં દેશના રાષ્ટ્રપતિ સ્તરની સુરક્ષા આપવામાં આવી છે. ખેલાડીઓની સુરક્ષામાં સ્થાનિક પોલીસ ઉપરાંત સેનાને પણ તૈનાત કરવામાં આવી છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પ્રવક્તાએ એ વાતની સ્પષ્ટતા કરી છે કે ટીમના સિક્યોરિટી પ્લાનમાં આ ઘટના બાદ કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા વર્ષે ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમ સુરક્ષાનો હવાલો આપીને પાકિસ્તાનમાં મેચ રમ્યા વગર જ પરત ફરી ગઈ હતી. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રાવલપિંડીમાં ત્રણ વન-ડે અને લાહોરમાં પાંચ ટી-૨૦ મુકાબલા રમાવાના હતા પરંતુ પહેલી મેચ રમાય તે પહેલાં જ ન્યુઝીલેન્ડની ટીમે રમવાનું ટાળ્યું હતું.

## શોએબ મલિકે માર્યો યૂ ટર્ન, હવે બાબર આઝમને નાનો ભાઈ ગણાવ્યો

ઈસ્લામાબાદ,તા.૯

પાકિસ્તાન ક્રિકેટ માં સતત વિવાદો વર્તાતા રહે છે. કોઈ ખેલાડીનુ સિલેક્શન ટીમમાં થાય તો પણ અને ના થાય તો પણ વિવાદ વર્તાતો રહેશે. એક મત મુજબની વિવાદ વિનાની વાત ભાગ્યેજ જોવા મળતી હોય છે. પાકિસ્તાન ક્રિકેટ ટીમની પસંદગી ગત ટી૨૦ વિશ્વકપ ૨૦૨૨ માટે કરવામાં આવી હતી, ત્યારે પણ આવો જ વિવાદ સામે આવ્યો હતો. પાકિસ્તાનના જ અનેક દિગ્ગજોએ પણ ટીમની પસંદગીને લઈ સવાલો ઉઠાવ્યા હતા. શોએબ મલિકને વિશ્વકપની ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. તેને બહાર રાખવાના નિર્ણય પર પણ ચાહકો અને તે પોતે પણ ખૂબ જ આશ્ચર્ય અનુભવી રહ્યા હતા. શોએબે તો ટીમની પસંદગીને લઈ સોશિયલ મીડિયા પર નિશાન પણ તાક્યા હતા.ટી૨૦ વિશ્વકપ ૨૦૨૨ માં ભારત સામેની હાર સાથે જ ટીમની શરુઆતને લઈ પાકિસ્તાનમાં હંગામો મચવા લાગ્યો હતો. ટીમની પસંદગીને લઈને પહેલાથી જ ઉઠાવેલા સવાલોને લઈ ફરીથી પસંદગીકારો સામે સવાલોનો મારો કરી દેવામાં આવ્યો હતો. જોકે નસીબે સાથ આપતા પાકિસ્તાન જેમતેમ કરીને ફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યુ હતુ. જ્યાં તેની કારમી હાર થઈ હતી. હવે જયારે વિશ્વકપમાં હાર થઈ ચૂક્યાને પણ મહિનાનો સમય વિતી ચુક્યો છે, ત્યારે હવે શોએબે પાકિસ્તાની સુકાની બાબર આઝમની સાથે સારા સંબંધો હોવાનો દાવો કર્યો છે.

ક્રિકેટ પાકિસ્તાન સાથેની વાતચીતમાં મલિકે પોતાના દિલની સ્થિતિ જણાવી અને કહ્યું કે તેને બાબરથી કોઈ નારાજગી નથી. તેણે કહ્યું, “બાબર આઝમે મને કહ્યું હતું કે માત્ર એશિયા કપની ટીમ જ ૨૦ વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયા જશે. મને ખબર નથી કે અંદર શું ચાલી રહ્યું હતું પરંતુ બાબર આઝમ સાથે મારા સંબંધો સારા છે, એમ તેણે મને કહ્યું હતું”.શોએબે વધુમાં કહ્યું કે બાબર આઝમ તેના નાના ભાઈ જેવો છે અને તે હંમેશા તેની પડખે ઉભા રહેશે.

તેણે કહ્યું, “બાબર આઝમ મારા નાના ભાઈ જેવા છે. તેની કારકિર્દીમાં જો કોઈ મદદની જરૂર પડશે તો હું તૈયાર રહીશ. હું આજે પણ છું અને ભવિષ્યમાં પણ બાબર આઝમની સાથે રહીશ. જો હું ટીમમાં સ્થાન ન મેળવી શક્યો તો કોઈ નારાજગી નથી. હું ઈચ્છું છું કે બાબર આઝમ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન જાળવી રાખે અને ટીમના પ્રદર્શનને પણ ટોચ પર રાખે. તેની સાથે મારી નારાજગી જેવું ક્યારેય નહોતું”.હવે શોએબ મલિકની પાકિસ્તાન ક્રિકેટમાં વાપસી મુશ્કેલ લાગી રહી છે. હાલમાં તે પાકિસ્તાન અને શ્રીલંકાની લીગમાં રમી રહ્યો છે અને હવે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેવી સંભાવનાઓ ધૂંધળી લાગી રહી છે.

## સત્તા ની સાંઠમારી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થતા ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમત સાથે ૧૫૬ સીટો મળી છે કોંગ્રેસને ૧૭ સીટ મળી છે એટલે કે આમ આદમી પાર્ટી ને પાંચ સીટ મળી છે અને અપક્ષ ને ચાર સીટ ફાળે ગઈ છે. હવે આજરોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના પ્રધાનમંત્રી સહિત સરકારમાં રાજીનામે આપ્યા છે અને ૧૨ મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર હેલીપેડ ખાતેના વિશાળ મેદાનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસન માં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમના મંત્રીઓ તેમજ ચૂંટાયેલા ધારાસભ્યો નો શપથવિધિ સમારોહ યોજવા જઈ રહ્યો છે. હવે પહેલા ચૂંટણીના ચકરાવવામાં આપણે જોયું તો સર્વ પક્ષીય ઉમેદવારોને જીતાડવા માટે જાતજાતના કીમિયાઓ લોબીંગ ચાલ્યું અને અંતે શાસક સરકાર વાળા ફાવ્યા વિપક્ષનો સફાયો થયો જ્યારે આમ આદમી પાર્ટી ને તેની પ્રથમ ચૂંટણીમાં ૩૯ લાખ ગુજરાતના વોટ મળ્યા અને પાંચ ઉમેદવારો જીતીને વિધાનસભામાં પહેલીવાર તેઓ પ્રવેશ કરશે આમ આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી તરીકે ઉભરી આવી અને વિધાનસભામાં પાંચ સીટ સાથે તેમનો પ્રવેશ એ એક નવા રાજકીય પક્ષ માટેની સીધી જ કહી શકાય તેમને આમ જોવા જઈએ તો કોઈ ખાસ મોટું નુકસાન થયું નથી પરંતુ અપરિપક્વ અને જેની જીભ ઉપર લગામ ન હોય તેવા યુવા નેતાઓની પસંદગી કરીને આખું ગુજરાત આમ આદમી પાર્ટી તેમના ભરોસે આ પ્રથમ ચૂંટણી લડી જેના કારણે ઘણી બધી સીટો ખોવાનો વારો આવ્યો ખૂબ સારા વોટ મળ્યા પણ ઉમેદવારો એટલા જીતી ના શક્યા જેટલા દાવા કરવામાં આવ્યા હતા. વિરોધ પક્ષ કોંગ્રેસ જેનું રાજીવ ગાંધી ભવન આખો દિલ્હીના નેતાઓના હવાલે સોંપી દેતા સ્થાનિક નેતાગીરીમાં અસંતોષ જોવા મળ્યો હતો કે જેમને ચૂંટણી ની પણ જવાબદારીઓ સ્વીકારી નહોતી અને ચૂંટણીમાં જે કોઈ કામ કરવું જોઈએ તેવું કામ તેઓ કરી શક્યા નહીં પરિણામે માત્ર ૧૭ શીટ કોંગ્રેસ પક્ષને મળી અને ગુજરાતના શાસનમાં પ્રથમવાર એવી ઘટના બની કે વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ હવે બેસી નહીં શકે કેમ કે વિરોધ પક્ષના નેતા બનવા માટે ૧૯ સીટ જોઈએ પણ તેઓ ૧૭ સીટ જીત્યા છે એટલે કોંગ્રેસનું વિરોધ પક્ષ પણ હાથમાંથી જતુ રહ્યુ છે.

ભારતીય જનતા પાર્ટીમાં અમુક ઉમેદવારોને ભાજપના કર્મઠ હોવા છતાં પણ જાતીય સમીકરણોના લીધે અને ઉપરી અમુક નેતાઓની જીદના કારણે સ્થાનિક મત બેંક ખોબી ના પડે તે માટે નારાજગી દર્શાવતા ભાજપના અમુક લોકો અપક્ષ ઉમેદવારી કરી હતી અને તેઓ પોતાના વિસ્તારમાં પોતાની પ્રતિભા ઉપર અપક્ષ રીતે લડીને જીતીને બતાવ્યું છે તેવા ધાનેરાના માવજીભાઈ દેસાઈ અને બાયડના ધવલસિંહ ઝાલા છે જ્યારે બરોડાની વાઘોડિયા બેઠક ઉપર દબંગ મધુ શ્રીવાસ્તવને હરાવવા માટે ધર્મેન્દ્ર શ્રી ચૌહાણની આંતરિક ગોઠવણી કરીને પસંદગી કરવામાં આવી હતી અને તેઓ અપક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે અને દબંગ મધુ શ્રીવાસ્તવનો દબદબો વાઘોડિયામાંથી રાજકીય રીતે જતા તેમનો પરાજય થયો છે. ગુજરાતના બ્રહ્મ સમાજને ભારતીય જનતા પાર્ટીએ સૌપ્રથમવાર ૧૩ સીટો ફાળવી હતી તેમાંથી ૧૦ ઉમેદવારો જીત્યા છે જ્યારે ત્રણ ઉમેદવારોનો પરાજય થયો છે જેમાં લુણાવાડાના જીગ્નેશ સેવક ખાડિયા જમાલપુરના પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ તેમજ ખંભાતના મયુર રાવલનો સમાવેશ થાય છે.

પાટણની સીટમાં જયારથી આનંદીબેન પટેલ ચૂંટણી લડ્યા હતા ત્યારથી ભાજપની સીટ જળવાઈ રહી હતી પરંતુ આ વખતે સ્થાનિક પાર્ટીના લોકોના અસંતોષના કારણે બહુ અપરિચિત વ્યક્તિને ભાજપે મહિલા સીટ ફાળવતા ત્યાં પૂર્વ ધારાસભ્ય કોંગ્રેસની સીટને જાળવીને કિરીટભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા છે તેવી રીતે ચાણસ્મામાં પણ પૂર્વ ધારાસભ્ય અને મંત્રી તેવા દિલીપભાઈ ઠાકોરો પણ ભારતીય જનતા પાર્ટીમાં પરાજય પામીને ભાજપે આ પાટણ અને ચાણસ્મા ની બંને સીટો ગુમાવી છે બસ હાલમાં હવે કોણ મંત્રી બનશે તેની અટકણોમાં આ શનિવારને રવિવાર જશે અને સોમવારે નવા મુખ્યમંત્રી સાથે નવું મંત્રીમંડળ જોવા મળશે. જન ફરિયાદ ન્યુઝ પ્રદીપ ગાંધીનગર

## ન્યાયમૂર્તિની નિયુક્તિ અંગે કોલેજીયમની બેઠકોની માહિતી જાહેર કરી શકાય નહીં : સુપ્રિમ

નવીદિલ્હી,તા. ૯

સરકાર અને સુપ્રિમ કોર્ટ વચ્ચે સર્જાયેલા કોલેજીયમ વિવાદમાં આજે એક નવો વળાંક લીધો છે અને હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિયુક્તિ અંગે કોલેજીયમની બેઠકના એજન્ડા, નિર્ણયો અને તેના નિરીક્ષણફોની નકલો માગતી એક અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી છે.સુપ્રિમ કોર્ટ સમક્ષ ૨૦૧૮માં કોલેજીયમની બેઠક અંગે વિવરણ માગતી એક અરજી કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતની રજીસ્ટ્રી સમક્ષ આ અરજી થઇ હતી તેને આજે સુપ્રિમ કોર્ટે ફગાવી દેતા કહ્યું કે કોલેજીયમની બેઠકની ચર્ચા જનતાની સામે લાવી શકાય નહીં ફક્ત કોલેજીયમના અંતિમ નિર્ણય વેબસાઈટમાં અપલોડ કરવામાં આવે છે અને તે જાહેર જનતા પણ જાણી શકે છે. પરંતુ કોલેજીયમની બેઠકોમાં જે ચર્ચા થાય છે તે માહિતીના અધિકાર હેઠળ આપી શકાય છે.

## "મિત્રતા"

"મિત્રતા" એટલે દોસ્તી. એના માટે શું લખવું, એ સમજાતું નથી. મિત્રતાનો અહેસાસ કરી શકાય છે.દોસ્તીમાં નાત-જાત, અમીરી-ગરીબી, સ્ત્રી-પુરુષ વય વચ્ચેનો તફાવત જોવાતો નથી. દોસ્તી દોસ્તી જ છે. એ કયાં કેવી રીતે કે કોની સાથે થઈ એ નથી જોવાતું. જેમ પ્રેમનુ પણ એવું જ છે. એ રીતે દોસ્તી માટે લખવાનું થોડું અઘરું છે છતાંય મેં અહીં લખવાનો પ્રયાસ કર્યો છે. કયાં અને કોના ઘરે જન્મ લેવો તે આપણાં હાથની વાત નથી.લોહીના સંબંધ પછી બીજું કોઈ સાચું સગપણ હોય તો તે છે મૈત્રીનું ,દરેકના જીવનમાં મિત્રો ઘણાં હોય છે,

પંરતુ એમાંથી સાચો મિત્ર એકાદ જ હોય છે.અત્યારના સમયમાં સાચા મિત્ર મળવા બહુ મુશ્કેલ છે. પૌરાણિક કથાઓમાં જોઈએ તો મિત્રતાના શ્રેષ્ઠ ઉદાહરણો જોવા મળે છે- જેમકે કૃષ્ણ- ની મિત્રતા સુદામા,

-દ્રૌપદી,-અર્જુન સાથે, સીતામાતા-ત્રિજટા , કર્ણ અને દુર્યોધન. ત્રિજટા રાક્ષસ કૂળની હોવા છતાં પણ સીતામૈયાએ તેણી ઉપર વિશ્વાસ કર્યો તો તેણીએ સીતામૈયાને લંકામાં છેવટ સુધી સાથ આપી મિત્રતા નિભાવી.

મિત્રતા વિશે મેં વાંચેલું એક સુભાષિત અહીં યાદ આવે છે.

"શેરી મિત્ર સો મળે,તાળી મિત્ર અનેક, સુખ- દુઃખ વામીયે સો લાખણમાં એક " આપણાં અનેક મિત્રોમાં સાચો મિત્ર એક જ હોય જે સુખમાં સાથે હોય કે ન હોય પરંતુ

દુઃખમાં તો સાથે જ હોય. આ સ્વાર્થી દુનિયામાં મારા જેવા નસીબદારને પણ એક સાચી સખી છે.

અમારી મૈત્રીની વાત કરતા આનંદ થાય છે.

મારું નામ મીતા. હું મારા પરિવાર સાથે સુરતમાં રહું છું.આજથી અઠ્યાવીસ વર્ષ પહેલાં એક સામાજિક સંસ્થામાં મારી એક મિત્ર દ્વારા નિશા સાથે મુલાકાત થઈ. વાતચીત દરમ્યાન મિત્રતા થઈ. પછી સમય જતાં એ મૈત્રી ગાઢ સ્વરૂપમાં પ્રવર્તી. નિશા મારી દરેક સમસ્યાઓને ઉકેલ લાવી આપે. ઉકેલ ના મળે ત્યાં સુધી જપીને બેસે નહીં.મારી નાનામાં નાની સમસ્યાને એ શાંતિથી સાંભળે પછી જ એનો જવાબ આપે. મારી ભૂલ થઈ હોય તો એ બેધડક મને કહી દે.

ફોનમાં પણ મારા સ્વરને સાંભળી ને પલકારામાં જાણી લે કે આજે હું ખુશ છું કે ઉદાસ,જો હું ઉદાસ હોઉં તો કારણ જાણી તેનો ઉકેલ લાવે. મને ઘણી હિંમત અને માર્ગદર્શન આપે.એણે કયારેય ખોટી સલાહ કે ખોટું માર્ગદર્શન આપ્યું નથી.મારી કોઈ પણ અંગત વાત હોય તો એ કયાંય બહાર કરે નહીં. મને સાચું મોઢા ઉપર કહી દે પણ પાછળથી ટીકા ના કરે. અને કોઈ કરતું હોય તો એ સાંખી પણ ના લે.

હું પણ તેના સુખે સુખીને તેના દુઃખે દુઃખી થાઉં છું. ક્યારેક મારા ધરે નાનામાં નાનો પ્રસંગ હોય તો પણ સૌથી પહેલાં આવીને રસોડાનો કારભાર સંભાળી લે. હું એના ખભે માથું ઢાળીને મનનો બોજ હલકો કરી લઉં.હું પણ એના કાર્યમાં એને મદદરૂપ થાઉં છું.થોડોક અમારી વચ્ચે મીઠો ઝગડો ચાલતો રહેતો હોય છે. પણ મારી અને નિશા વચ્ચે ક્યારેય મનદુઃખ થતું નથી.

સ્વાર્થી જગતમાં અમારી નિઃસ્વાર્થ મૈત્રી જેવી મૈત્રી જવલ્લે જ કદાચ જોવા મળે.જયાં આપણાં લોકો આપણાં નથી હોતા.ત્યાં નિશા જેવા સાચા મિત્ર કયાંથી .મારી આ સખી અણમોલ હીરા સમાન છે.

બાળપણમાં સૌ કોઈએ આ કવિતા વાંચી અને સાંભળી હશે- "મૈત્રી ભાવનુ પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે" અમારી મૈત્રી અમુલ્ય છે. અમારી મૈત્રી ખીલીને કરમાય જાય તેવી નથી.

મેં ધણા દાખલા જોયા છે કે -ખોટી ગેરસમજને કારણે અથવા પૈસાની લેતીદેતીમાં મિત્રતાના સબંધ કકડભૂસ થઈ જતાં હોય છે.અને બસ, છેલ્લે-"યારી હૈ ઈમાન મેરા,યાર મેરી જિંદગી.

કીર્તિ પારેખ.અમદાવાદ

## ભૂકંપ સહાયની રકમમાં ‘ઉચાપત’નો આરોપ લગાવ્યો હતો,બ્રિટિશ અખબારે પાકિસ્તાનના પીએમની માફી માંગી


લંડન,તા.૯

એક અગ્રણી સમાચાર પત્રમાં ૨૦૧૯ માં પ્રકાશિત થયેલા સમાચાર વાર્તામાં ભૂલ બદલ પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફની માફી માંગી છે. તે સમયે શાહબાઝ પાકિસ્તાન સ્થિત પંજાબના મુખ્યમંત્રી હતા. આ સમયગાળા દરમિયાન તેમના પર વિદેશી નાણાકીય સહાયમાં ઉચાપત કરવાનો આરોપ હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સમાચારને નકારતી વખતે, બ્રિટિશ પ્રકાશન ધ મેલે રવિવારે શાહબાઝ અને ગુરુવારે ન્યૂઝ વેબસાઇટ મેઇલ ઓનલાઈનની માફી માંગી હતી.

ધ મેલમાં પ્રકાશિત થયેલા સમાચાર તપાસનીશ પત્રકાર ડેવિડ રોઝે લખ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ સમાચારને પબ્લિકેશનના તમામ પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવ્યા છે. ડોનના સમાચાર અનુસાર, ૧૪ જુલાઈ, ૨૦૧૯ના રોજ ધ મેલમાં એક લેખ પ્રકાશિત થયો હતો, જેમાં શાહબાઝ પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. આ સમાચારમાં એવું આપવામાં આવ્યું હતું કે પાકિસ્તાનમાં ૨૦૦૫ના ભૂકંપના પીડિતોના પુનર્વસન માટે યુકે દ્વારા આપવામાં આવેલ ભંડોળ. આ ભંડોળ યુકેના આંતરરાષ્ટ્રીય વિકાસ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. આ સમાચારમાં પૂર્વ એકાઉન્ટેબિલિટી ચીફ શહઝાદ અકબર અને અન્ય લોકોના નામ પણ સામેલ છે. પીએમએલ-એન પાર્ટીએ આ સમાચાર પર તરત જ પ્રતિક્રિયા આપી અને કહ્યું કે આ સ્ટોરી ઈમરાનના કારણે પ્રકાશિત થઈ છે.

ઉચાપતના આ આરોપને પણ ડીએફઆઈડી દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો. ડીએફઆઈડી દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે, ‘મજબૂત સિસ્ટમ્સ યુકે કરદાતાઓને છેતરપિંડીથી બચાવે છે.’ માફીનો દાવો કરવામાં આવ્યો હતો. આ વર્ષે માર્ચમાં ન્યૂઝ પેપરએ માનહાનિના આરોપ સામે ૫૦ પાનાનો જવાબ આપ્યો હતો. વેબસાઈટ પર સ્પષ્ટતામાં, બ્રિટિશ પ્રકાશનએ કહ્યું, ’૧૪ જુલાઈ, ૨૦૧૯ ના રોજ પ્રકાશિત શહેબાઝ શરીફ સાથે સંબંધિત એક લેખમાં, પાકિસ્તાનના પીએમ પર ભૂકંપ પીડિતો માટેના ભંડોળની ઉચાપત અને ગેરઉપયોગનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ લેખમાં અમે પાકિસ્તાનના નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોની તપાસના આધારે અહેવાલ આપ્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે, ‘બ્રિટિશ જાહેર નાણાં અથવા ડીએફઆઈડી ગ્રાન્ટ-ઇન-એઇડના સંબંધમાં નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો દ્વારા ક્યારેય કોઈ ગેરરીતિનો આરોપ મૂકવામાં આવ્યો નથી. ગયો છે. આ માટે અમે શરીફની માફી માંગીએ છીએ.

# ૧૦ ડીસેમ્બર, "વિશ્વ માનવ અધિકાર દિવસ"
# પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બનો




સમગ્ર વિશ્વમાં ૧૦મી ડિસેમ્બરે 'વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જ જન્મની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યંત જે અધિકારોને કોઈપણ જાતની અડચણ વગર મુક્ત રીતે ભોગી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. સમગ્ર વૈશ્વીક ફલક પર જરા નજર કરીએ તો સવારે સૂર્યના ઉગવા અને આથમવાની અવિરત પ્રક્રિયાની જેમ માનવ અધિકારો હનનનાં બનાવો બન્યા જ કરે છે. જેનું મુખ્ય કારણ પોતાના જ અધિકારોની જાણકારીનો અભાવ છે અને અન્યનાં અધિકારોની અવગણના પણ છે.

સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોનાં ખ્યાલનો વિકાસ અને ઉદભવ ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડમાં બનાવાયેલ લેખીત દસ્તાવેજ 'મેગ્નાકાર્ટા'ને ગણી શકાય, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધની કટોકટીનાં કારણે તેને કાયદાનું સ્વરૂપ આપી નહતું શકાયું. આ દસ્તાવેજમાં માનવીને માનવી હોવાના કારણે જે અધિકારો પ્રાપ્ત થાય છે તેવા તમામ અધિકારો 'મેગ્નાકાર્ટા' દસ?તાવેજથી ઈંગ્લેન્ડની પ્રજાને આપવામાં આવેલ હતા. ઈ.સ. ૧૯૪૫માં સમગ્ર વૈશ્વીક સ?તરે માનવીને માનવી તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત 'માનવ અધિકાર' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો હતો. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોનાં રક્ષણ અર્થે યુનો દ્વારા સૌપ્રથમ વખત યુર્નિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ નામનો દસ્તાવેજ બનાવવામાં આવેલો હતો. આ ઘોષણાપત્રમાં જણાવ્યું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત કાળા-ગોરા (રંગ), વર્ણ, જાતી (સ્ત્રી-પુરૂષ), ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીયક કે સામાજીક મુળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદ્દાનાં તફાવતો વિના તમામ અધિકારો અને સ્વાતંત્રતાઓ પ્રાપ?ત થાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ (UN) તા. ૧૦ ડિસેમ્બર ૧૯૪૮નાં રોજ એક ઘોષણાપત્રમાં માનવ અધિકારો જાહેર કર્યા અને તેને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી. તેથી સને. ૧૯૪૮થી દર વર્ષે ૧૦મી ડિસેમ્બરને ''માનવ હક દિન'' તરીકે ઉજવવામાં આવે છે. આપણા દેશનું બંધારણ પણ આપણને કેટલાક મૂળભૂત અધિકારો આપે છે જેમાં સમાનતાનો હક, સ્વતંત્રતાનો હક, શોષણ સામેનો હક, ધાર્મિક સ્વાતંત્રતાનો હક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો, બંધારણીય ઈલાજોનો હક શામેલ છે. આ માનવ અધિકારો મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ જાળવી રાખવાના શુધ્ધ હેતુથી ઘોષિત કરાયા છે. મનુષ્યનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની ન્યૂનતમ અને પાયાની જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્ય તેને ગૌરવપૂર્વક અને સન્માનજનક સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકે. ઉપરાંત તે સર્વાંગી વિકાસ સાધી શકે અને સામાજિક વાતાવરણ મળી રહે એનો રાજ્યએ સ્વીકાર કરીને તેના રક્ષણની બાહેંધરી આપવામાં આવી છે. આવા પાયાના મૂળભૂત માનવ અધિકારો એ લોકશાહી શાસનપ્રથાની પાયાની ઓળખ છે.

પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બનો

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)




૮ ડિસેમ્બર, વિશ્વ માનસિક ક્ષતિ દિન જેની ઉજવણી ના ભાગ રૂપે નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલડ, મેમનગર ના ૮૦ જેટલા મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ને મેટ્રો ટ્રેન મા મુસાફરી કરાવા લઈ જવાયા.

આ વિદ્યાર્થીઓ ને ગુરુકુલ મેટ્રો સ્ટેશન થી બપોરે ૨ વાગે ઘી કાંટા ના મેટ્રો ટનલ સ્ટેશન સુધી લઈ જવાયા અને ત્યાં થી બપોરે ૪ વાગે ગુરુકુલ મેટ્રો સ્ટેશન પર પરત લવાયા.

મેટ્રો ટ્રેન અમદાવાદ નુ નવુ અને આકર્ષક નઝરાણુ છે,અને આ નવા નઝરાણા નો અનુભવ મનોદિવયાંગ બાળક ના કરે એવુ શક્ય જ નથી અને એટલે જ માનસિક ક્ષતિ દિન ની ઉજવણી ના ભાગ રૂપે સંસ્થા ના મનોદિવંયાગ વિદ્યાર્થીઓ ની વરધી ભરતા રિક્ષા વાળા ભાઈઓ એ આ કાર્યક્રમ નુ આયોજન કર્યુ અને મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ને નવા વાહનવ્યવહાર નો અનુભવ કરાવ્યો જેમા વિદ્યાર્થીઓ ને ખુબ જ મઝા આવી. આ કાર્યક્રમ નુ સંચાલન નિલેશ પંચાલ કરવામા આવ્યુ હતુ.

# આયુષ મંત્રાલય, ભારત દ્વારા ૯મી વર્લ્ડ આયુર્વેદ કોન્ફરન્સનું તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ, ગોવા ખાતે આયોજન

## પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા તા. ૧૦ ડિસેમ્બરનાં રોજ પશુ આયુર્વેદ ચિકિત્સા અંગે પોતાનું માર્ગદર્શન આપશે.




આયુષ મંત્રાલય, ભારત દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC)ની શરૂઆત વર્ષ ૨૦૦૨માં કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ આયુર્વેદ સાથે સંકળાયેલ વ્યક્તિ , સંસ્થા , ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને ગ્રાહકોને એકબીજા સાથે જોડી, વિચારોનું આદાન પ્રદાન કરી આયુર્વેદ સેક્ટરનો વિકાસ માત્ર ભારત માં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં થાય તેવો છે. પ્રથમ કોન્ફરન્સનું આયોજન કેરાલાનાં કોચિ ખાતે કરવામાં આવ્યું હતું. દર વર્ષે વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC)નું આયોજન ભારતનાં અલગ અલગ શહેરમાં કરવામાં આવે છે. આ વર્ષે થવા જઈ રહેલી ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC)નું આયોજન તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ , ગોવા ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ૪૫૦૦થી પણ વધારે ભારતીય પ્રતિનિધિઓ , ૪૦૦થી વધારે અન્ય દેશોના પ્રતિનિધિઓ અને ૪૫થી પણ વધારે દેશ ભાગ લેશે . ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC)ની થીમ 'આયુર્વેદ ફોર વન હેલ્થ' છે. જેનો હેતુ ક્રોસ-સેક્ટરલ છે. 'આયુર્વેદ ફોર વન હેલ્થ'ની થીમ દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC) પ્રાણી , પર્યાવરણ અને માનવ પરના આરોગ્ય જોખમોને સંબોધવા માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. સ્થાનિક , રાજકીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આયુર્વેદ દ્વારા રોગનું નિદાન , નિરાકરણ , દેખરખ કરવાના ધ્યેય સાથે આ ચાર દિવસીય કોન્ફરન્સમાં વિવિધ સેમિનાર તેમજ માર્ગદર્શિય સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આયુર્વેદની આરોગ્ય અને પર્યાવરણ પર અસરો , આયુર્વેદ દ્વારા રોગનું નિરાકરણ , આયુર્વેદની સંશોધન પદ્ધતિઓ , આયુષ આહાર , આયુર્વેદિક ટેકનોલોજી જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન લક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી , રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ, GCCI(ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ)નાં સ્થાપક અને ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા તા. ૧૦ ડિસેમ્બર , શનિવારનાં રોજ પશુ આયુર્વેદ ચિકિત્સા અંગે પોતાનું માર્ગદર્શન આપશે. તેમની સાથેના પ્રતિનિધિ મંડળમાં રાજકોટથી ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિતલ ખેતાણી અને દિલ્હીથી GCCIનાં જનરલ સેક્રેટરી પુરીશ કુમાર પણ હાજર રહી માર્ગદર્શન આપશે.

# ૨૨ જિલ્લામાં સફાયો, કોંગ્રેસની દશા જોતા પાર્ટીનું વિસર્જન કરી દેવું જોઈએ : વજુભાઈ વાળા

રાજકોટ,તા.૯

ગુજરાતમાં રેકોર્ડ બ્રેક બેઠકો સાથે ભાજપની પ્રચંડ જીત થઈ છે. ૧૮૨ બેઠકમાંથી ૧૫૬ સીટ પર ભાજપની ભવ્ય જીત થઈ છે. ગુજરાતમાં કોંગ્રેસ માત્ર ૧૭ બેઠકમાં જ સમેટાઈ ગઈ છે. તો આમ આદમી પાર્ટીએ ૫ બેઠક સાથે ગુજરાતમાં એન્ટ્રી કરી છે. ૧૮૨માંથી ૩ બેઠક પર અપક્ષ ઉમેદવારોની જીત નોંધાઈ છે. ત્યારે ગુજરાત હવે ધીરે ધીરે કોંગ્રેસ મુક્ત બની રહ્યુ છે તેવુ લાગે છે. રાજ્યના ૩૩ જિલ્લામાંથી ૨૨ જિલ્લા કોગ્રેસ મુક્ત થયા હતા. બીજી તરફ કૉંગ્રેસના ૪૪ અને આમ આદમી પાર્ટીના ૧૨૮ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ હતી. રાજ્યના ૧૩ જિલ્લાઓમાં કૉંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી. રાજ્યના ૧૩ જિલ્લાઓમાં તમામ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે. ત્યારે કોંગ્રેસની દશા જોતા વજુભાઈ વાળાએ કહ્યું કે, ગાંધીજીની કોંગ્રેસને હવે વીંખી નાંખવી જોઈએ. હવે આ કોંગ્રેસનું વિસર્જન કરી નાખવું જોઈએ. ૬૦થી વધુ બેઠકોનાં નુકસાન સાથે કોંગ્રેસના કદાવર નેતાઓ પોતાની બેઠક પણ નથી બચાવી શક્યા. એક રીતે કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે. કોંગ્રેસમાંથી ૩૪ ઉમેદવાર ડિપોઝીટ બચાવવામાં અસમર્થ રહ્યાં છે.

ભાજપની ભવ્ય જીત પર વજુભાઈ વાળાએ ખુશી વ્યક્ત કરી છે. ત્યારે તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, મહાત્મા ગાંધીની કોંગ્રેસ હવે એ કોંગ્રેસ રહી નથી. ગાંધીજીની કોંગ્રેસને હવે વીંખી નાંખવી જોઈએ. હવે આ કોંગ્રેસનું વિસર્જન કરી નાખવું જોઈએ. તો સાથે જ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ સીઆર પાટીલના ભરપેટ વખાણ કર્યાં. તેમણે કહ્યું કે, પાટીલનું પેજ કમિટી અને પ્રમુખોનું માળખું સફળ રહ્યું. સીઆર પાટીલ ફોલોઅપ લેતા રહ્યા તેને કારણે સફળતા મળી. પાટીલના સતત પ્રયાસોને કારણે ઐતિહાસિક જીત મળી છે. હું શપથવિધિ કાર્યક્રમમાં હાજર રહીશ.






**રિલયન્સ ફાઉન્ડેશન ( યુથ સ્પોર્ટ્સ) ફૂટબોલ અમદાવાદ ચેમ્પિયન ૨૦૨૨-૨૦૨૩ સબ જુનિયર બોયઝ (અંડર - ૧૪)ફાઈનલ મેચ જીતી અનંત સ્કુલ ઓફ એક્ષલેનસ, સંસ્કાર ધામ.,સાણંદ. V/S સિગ્નસ વર્લ્ડ, બરોડા સામે ચેમ્પિયન બની.**

# કુલ ૧૩૫માંથી ૪૫ પાટીદાર ઉમેદવારો જીત્યા, ૯૦ પાટીદાર ઉમેદવારો હાર્યા, ભાજપના ૪૦-કોંગ્રેસના ૩-આપના ૨ ઉમેદવારોની જીત

અમદાવાદ,તા.૯

ચૂંટણીના પરિણામોમાં પાટીદારોનું પ્રભુત્વ સામે આવ્યું. ૪૫ બેઠકો પર પાટીદાર ઉમેદવારો જીત્યા છે. અત્યાર સુધીની તમામ ચૂંટણીઓમાં પ્રથમવાર ભાજપમાંથી એકીસાથે ૪૦ પાટીદાર ધારાસભ્યો ચૂંટાઈ આવ્યાં.

ભાજપે ૪૬ ધારાસભ્યોને ચૂંટણી મેદાને ઉતાર્યા હતા. જે પૈકી ૬ ઉમેદવારોને બાદ કરતા ૪૧૦ઉમેદવારો જીત્યા છે. કોંગ્રેસની વાત કરીએ તો. કોંગ્રેસના ૩ પાટીદાર ઉમેદવારો ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં છે. જ્યારે આમ આદમી પાર્ટીના ૨ પાટીદાર ઉમેદવારો વિજયી બન્યાં છે. રાજ્યની ૨૫ બેઠકો એવી હતી, જેમાં ભાજપ-કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ પાટીદાર ઉમેદવારોને ટિકિટ આપી હતી.

વિધાનસભા ચૂંટણીમાં પાટીદારોનું પ્રભુત્વ રહ્યું છે ભાજપના ૪૦ પાટીદાર ઉમેદવારો વિજયી થયા,ભાજપે ૪૬ પાટીદારોને આપી હતી ટિકિટ,કોંગ્રેસના ૩ પાટીદાર ઉમેદવારોની જીત,આપના ૨ પાટીદાર ઉમેદવારો વિજયી થયા છે ૨૫ બેઠકો પર હતી પાટીદારો વચ્ચે સીધી ટક્કર હતી

આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આપઁના મળીને ૧૩૫ પાટીદાર ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, જેમાંથી માત્ર ૪૫ પાટીદારની જીત થઈ છે. પક્ષ પ્રમાણે જોઈએ તો ભાજપના ૪૬ પાટીદાર ઉમેદવારોમાંથી ૪૦ જીત્યા છે, જ્યારે કોંગ્રેસના ૩૮ પાટીદારમાંથી માત્ર ૩ પાટીદાર ઉમેદવારોની જીત થઈ છે. છછઁએ સૌથી વધારે પાટીદાર ઉમેદવારોને ટિકિટ આપી હતી. છછઁના ૫૧ પાટીદાર ઉમેદવારોમાંથી માત્ર બે જ ઉમેદવારોની જીત થઈ છે. એટલે ભાજપ-કોંગ્રેસ અને આપ ત્રણેય પક્ષના ૧૩૫માંથી ૯૦ પાટીદાર ઉમેદવારો હારી ગયા છે.

આવી જ રીતે ગુજરાતની ચૂંટણીમાં આદિવાસી મતો પણ નિર્ણાયક સાબિત થતા હોય છે. અને, આ વખતની ચૂંટણીમાં પણ આદિવાસી મતબેંક નિર્ણાયક સાબિત થઈ છે. ગુજરાતમાં આદિવાસીઓ માટે આરક્ષિત ૨૭ બેઠકો છે. આ ૨૭ સીટ પર ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ પાર્ટીના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. ભાજપ-કોંગ્રેસ-આપ એમ ત્રણેય પક્ષોના મળીને ૮૧ આદિવાસી ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જેમાંથી ભાજપના ૨૭માંથી ૨૩ આદિવાસી ઉમેદવારોની જીત થઈ છે. ભાજપના ૦૪ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. કોંગ્રેસના ૨૪ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. અને, કોંગ્રેસના ૦૩ આદિવાસી ઉમેદવારો જીત્યા છે. અને આમ આદમી પાર્ટીના ૨૭માંથી માત્ર એક ઉમેદવાર જ વિજયી બન્યા છે. બાકીના આપ પક્ષના ૨૬ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. નોંધનીય છેકે કોંગ્રેસનું હંમેશા ૧૫ આદિવાસી બેઠકો પર પ્રભુત્વ રહ્યું છે. જેમાંથી હવે માત્ર ૦૩ જ આદિવાસી બેઠકો કોંગ્રેસ પાસે અકબંધ રહી છે.

# પાટણમાં રખડતા ઢોરનો આતંક: આંખલાએ ચાર મહિલાને અડફેટે લીધી, બેનાં મોત - બે ઘાયલ

પાટણ,તા.૯

ગુજરાતમાં ફરીથી રખડતા ઢોરનો આતંક સામે આવ્યો છે. પાટણમાં સરસ્વતીના આઘર ગામમાં રખડતા ઢોરની અડફેટે ચાર મહિલાઓ આવી હતી. જેમાં બે મહિલાનાં મોત નીપજ્યા છે. જેયારે બે મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ ગઈ છે. બંને ઘાયલ મહિલાઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી.

સરસ્વતીનાં આઘાર ગામમાં આંખલાની અડફેટે ચાર મહિલાઓ આવી ગઈ હતી. જેમાંથી બે મહિલાઓનાં કરૂણ મોત નીપજ્યા છે. ઈજાગ્રસ્ત મહિલાએ આ અંગે જણાવ્યુ કે, અમે વહેલી સવારે ગામમાંથી જતા હતા. એ દરમિયાન આંખલો ચાર જેટલી મહિલાઓ સામે ફરી વળ્યો હતો. જેના કારણે બે મહિલાના મોત નીપજ્યા છે. જ્યારે બે મહિલાઓ ઈજાગ્રસ્ત બની છે.આ ઘટના બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક વ્યક્તિએ રોષ વ્યક્ત કરતા જણાવ્યુ કે, રખડતા ઢોરનાં આતંકની આ પહેલી ઘટના નથી પરંતુ આ પહેલા પણ આવી ઘટના ઘટી છે. પરંતુ તંત્ર આ અંગે સજાગ થતુ નથી. અમારા ગામમાં જ ૩૦૦થી ૪૦૦ ઢોર રખડતા હોય છે.

આ દુર્ઘટના પહેલા ઓક્ટોબર મહિનામાં હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ મામલે સરકારને ગંભીર સવાલો કર્યા હતા. ગુજરાત હાઈકોર્ટે સરકારને મીડિયાના અહેવાલ બતાવ્યા હતા. ન્યૂઝ પેપર બતાવી કામગીરી અંગે કોર્ટે સરકારને સવાલ કર્યો હતો. કોર્ટે પૂછ્યું હતું કે, તમારું કામ શું છે? જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, તમામ અધિકારીઓ હાજર છે. રખડતા ઢોર પર ટીમ સતત મોનિટરીંગ પેટ્રોલિંગ કરે છે. રાજ્યમાં સંબધિત તમામ વિભાગ મેહનતથી કામ કરતા હોવાની રાજ્ય સરકારે રજૂઆત કરી હતી. જેની સામે કોર્ટે જણાવ્યું હતું કે, લીધેલા નિર્ણય અને પગલાં માત્ર કાગળ પર છે.

### ગુજરાતની ૫ બેઠકો
# જ્યાં ગુજરાત સ્થાપના બાદ ક્યારેય કમળ ખીલ્યુ ન હતું, પહેલીવાર ભગવો લહેરાયો
## ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના ૫ અભેદ્ય કિલ્લા સર કરવામાં સફળતા મેળવી છે

અમદાવાદ,તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને આપનો કારમો પરાજય થયો છે. ભાજપે ૧૫૬ બેઠક સાથે ઐતિહાસિક જીત મેળવી છે.

તો ૧૮૨ સીટમાંથી કોંગ્રેસને માત્ર ૧૭ તો આપને ૫ સીટ જ મળી છે. ભાજપે ૨૦૨૨ ની ચૂંટણીમાં અનેક એવા રેકોર્ડ તોડ્યા છે, જે આજદિન સુધી ક્યારેય તૂટ્યા ન હતા. ભાજપ કોંગ્રેસની એવી બેઠકો જીતવામાં સફળ રહ્યું, જ્યાં ક્યારેય કમળ ખીલ્યુ ન હતું. ક્યાંક આઝાદી બાદ તો ક્યાંક ગુજરાતની સ્થાપના બાદ આ બેઠકો પર માત્રને માત્ર કોંગ્રેસનું શાસન હતું, પરંતુ પહેલીવાર ભાજપે આ બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી છે.

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના ૫ અભેદ્ય કિલ્લા સર કરવામાં સફળતા મેળવી છે. ભાજપે અત્યાર સુધી ક્યારેય ન જીતેલી ૫ બેઠકો પર જીત મેળવી છે. ગુજરાત મહારાષ્ટ્રથી અલગ રાજ્ય થયું, ત્યારથી આ બેઠકો કોંગ્રેસ પાસે હતી. પરંતુ આ બેઠકો પર હવે ભાજપનો ભગવો લહેરાયો છે. આવી બેઠકો નીચે પ્રમાણે છે.

બોરસદમાં ભાજપના ઉમેદવાર રમણ સોલંકીની જીત થઈ

ઝઘડિયા બેઠક પર ભાજપના રિતેશ વસાવાની જીત

તાપીની વ્યારા બેઠક પર ભાજપના મોહન કોંકણીની જીત

ખેડાની મહુધા બેઠક પર ભાજપના સંજય મહીડાની જીત

દાહોદના ગરબાડા બેઠક પર ભાજપના મહેન્દ્ર ભાભોરની જીત

ભાજપ માટે આ બહુમત કરતા પણ સૌથી મહત્વની જીત વ્યારાની કહી શકાય. કારણ કે, ભાજપે પહેલીવાર વ્યારામા જીતનો સ્વાદ ચાખ્યો છે. આઝાદી બાદ વ્યારામાં ક્યારેય કમળ ખીલ્યુ ન હતું, આ બેઠક કોંગ્રેસ પાસે જ રહી હતી. ત્યારે પહેલીવાર ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી છે. જેનુ શ્રેય પ્રધાનમંત્રી મોદીને જાય છે. ચૂંટણી પ્રચારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ ગુજરાત પર વધુ ફોકસ કર્યુ હતું અને અહીથી જ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. ત્યારે આ મહેનત પીએમ મોદીને ફળી છે. કારણ કે, વ્યારામાં આઝાદી બાદ પહેલીવાર કમળ ખીલ્યું છે. આઝાદી બાદથી અથાગ મહેનત છતાં ભાજપને ક્યારેય વ્યારામાં બહુમત મળી ન હતી. ભાજપ હંમેશાથી વ્યારામાં સત્તાથી દૂર રહી હતી. પરંતું ૨૦૨૨ ની ચૂંટણીમાં પરિવર્તન થયું છે, અને વ્યારામાં ભાજપે જીતનો સ્વાદ ચાખ્યો છે.

ખેડા જિલ્લાની ૬ બેઠકો પર ભગવો લહેરાયો છે. પરંતુ ભાજપની સૌથી મોટી જીત મહુધામાં છે. મહુધામાં ગુજરાતની સ્થાપના બાદ ભાજપે પ્રથમવાર જીત મેળવી. છે. મહુધા વિધાનસભાના કોંગ્રેસના ગઢમાં ભાજપ ગાબડું પાડવામાં સફળ રહ્યું છે. એક હથ્થું શાસનમાં રહેલી કોંગ્રેસની સીટ ભાજપે આંચકી લીધી છે. ભાજપના સંજયસિંહ મહીડા મહુધા વિધાનસભાના બેઠક પરથી વિજયી થયા છે. ગુજરાતની સ્થાપના બાદ સૌપ્રથમ વખત ભાજપે આ સીટ પર વિજય મેળવ્યો.

ખેડા જિલ્લામાં કોંગ્રેસનો ગઢ રહી ચૂકેલા મહુધા વિધાનસભા વર્ષ ૧૯૬૧થી એટલે કે રાજયના સ્થાપના સમયથી વિધાનસભાની બેઠક કોંગ્રેસના હસ્તક હતી. મહત્વનું છે કે, વર્ષ ૨૦૦૨ના ગોધરાકાંડ વખતે પણ કોંગ્રેસની આ બેઠક પર જીત થઈ હતી. આ બેઠક કોઈપણ સંજોગોમાં કોંગ્રેસ ગુમાવવા માંગતી નહોતી. જે ગણતરી આજે ખોટી પડી છે. કેટલાય પાકા નેતાઓ આ સીટ પર લડ્યા અને કોંગ્રેસ પાસેથી આંચકી લેવા પ્રયાસો કર્યા હતા. પરંતુ તે તમામ નિષ્ફળ રહ્યા છે.

# ગુજરાત ચૂંટણીમાં પક્ષપલટો કરનાર નેતાઓમાં કેટલાક હાર્યા તો કેટલાક જીત્યા

અમદાવાદ,તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હોય કે પછી લોકસભાની ચૂંટણી હોય દરેક ચૂંટણીમાં પક્ષપલટાની મોસમ પૂરબહારમાં ખીલતી જ હોય છે. ૨૦૨૨ની ચૂંટણી જાહેર થયા પહેલાં અને જાહેર થયા પછી પક્ષપલટાનો દોર શરૂ થઈ હતો અને અનેક નેતાઓએ પાટલી બદલી બીજા પક્ષમાં એન્ટ્રી મેળવી હતી. દર વખતની જેમ આ વખતે પણ કોંગ્રેસમાંથી ભાજપમાં ભળી જવાનો સિલસિલો યથાવત રહ્યો હતો.

અબડાસા બેઠક પર પ્રદ્યુમનસિંહ જાડેજા, ગાંધીનગર દક્ષિણ બેઠક પર અલ્પેશ ઠાકોર, વીરમગામમાં હાર્દિક પટેલ, જસદણમાં કુંવરજી બાવળિયા, તાલાળામાં ભગાભાઈ બારડ, ગોધરામાં સી.કે.રાઉલજી, કપરાડામાં જીતુ ચૌધરી, વિસાવદરમાં હર્ષદ રિબડીયા 'આપ' સામે પરાસ્ત થયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.